# ચેલેન્જર

દૈનિક

તંત્રી : પ્રતાપભાઈ કે. ગોહિલ

Email :- challengerdaily@gmail.com

www.challengerdaily.com

• Year : 07 • issue : 170 • Date :13/01/2018 • No. of Page : 4 • Price : Rs.1.00 • 115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR • R.N.I. REG. NO. GUJGUJ/2011/39246 • Reg No. BVR-397/2018-2020 • * Renewed up to 31 Dec. 2020

● વર્ષ : ૦૭ ● અંક : ૧૭૦ ● તા.૧૩-૦૧-૨૦૧૮ ● શનિવાર ● પાના : ૪ ● ભાવનગર ● મુખ્ય કાર્યાલય : ૫૮, સુવિધા શોપીંગ સેન્ટર, પેલેસ રોડ, ભૈરવપરા, પાલિતાણા ● મો.૯૪૨૮૧૨૧૯૩૩ ● ફોન નં.(૦૨૮૪૮) ૨૫૧૯૩૩


### સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત ચાર જજ મિડિયા સામે

# સુપ્રીમનું તંત્ર યોગ્યરીતે કામો ન કરી રહ્યું હોવાના આરોપો

## સુપ્રીમ કોર્ટના ચાર જજોએ મામલાઓની ફાળવણી સહિત મુદ્દે ચીફ જસ્ટિસ દિપક મિશ્રા પર અનેક પ્રશ્નો ઉઠાવ્યા : દેશના કાયદાકીય વર્તુળોમાં ખળભળાટ

નવીદિલ્હી,તા. ૧૨

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના ચાર જજે આજે મિડિયાની સામે આવીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની વહીવટી કાર્ય કુશળતા અને કાર્યશૈલી ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. અભૂતપૂર્વ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટના ચાર જજે પત્રકાર પરિષદ યોજી હતી અને દેશના કાયદાકીય સમુદાયમાં ખળભળાટ મચાવી દીધો હતો. પત્રકાર પરિષદ બાદ ચારેય જજ દ્વારા એક પત્ર જારી કરવામાં આવ્યો હતો જેમાં ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ જજોના કહેવા મુજબ તેઓએ પત્ર ચીફ જસ્ટિસને લખ્યો હતો. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને સંબોધીને સાત પાનાના પત્રમાં જજોએ કેટલાક મામલામાં એસાઈન્ટમેન્ટને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. જજોના આક્ષેપ છે કે, ચીફ જસ્ટિસ તરફથી કેટલાક મામલોઓને પસંદગી બેંચ અને જજને જ આપવામાં આવી રહ્યા હતા. ચિંતા અને દુખ છે જેથી આ પત્ર લખવામાં આવ્યો છે. પત્ર મારફતે મામલાને દર્શાવવામાં આવે તેવી વાત આમા કરવામાં આવી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, તાજેતરના સમયમાં જે આદેશ આપવામાં આવ્યા છે તેના કારણે ન્યાયિક પ્રક્રિયા ઉપર પ્રતિકુળ અસર થઇ છે. સાથે સાથે સીજેઆઈની ઓફિસ અને હાઈકોર્ટના તંત્ર ઉપર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. યોગ્ય સિદ્ધાંતો પાળવામાં આવે અને સીજેઆઈ ઉપર પણ આ નિયમો લાગૂ થવા જોઈએ. સીજેઆઈ પોતે એવા મામલામાં ઓથોરિટી તરીકે આદેશ આપી શકે નહીં જેને કોઇ અન્ય યોગ્ય બેંચ દ્વારા સાંભળવામાં



આવી ચુક્યા છે. જજની ગણતરીની દ્રષ્ટિથી પણ આ ગણતરી યોગ્ય છે. સિદ્ધાંતોની અવગણના થવી જોઇએ નહીં. આના કારણે કોર્ટની ગરિમા ઉપર શંકા ઉભી થાય છે. ૨૭મી ઓક્ટોબર ૨૦૧૭ના દિવસે આરપી લુથરા અને કેન્દ્ર વચ્ચે વિવાદની સ્થિતિ સર્જાઈ હતી. એમઓપી માટે નિર્દેશ કરવામાં આવ્યા બાદ સરકારનું મૌન રહ્યું છે. આજે ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. રાજકીય વર્તુળોમાં આની ચર્ચા જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે ચેલેમેશ્વર, રંજન ગોગોઈ, મદન લાકુર, કુરિયન જોસેફે પત્રકાર પરિષદ યોજીને મિડિયા સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનું વહીવટીતંત્ર યોગ્યરીતે કામ કરી રહ્યું હતું. ચીફ જસ્ટિસ સાથે આ સંદર્ભમાં વાત પણ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સમક્ષ કેટલીક ગેરરીતિઓ અંગે ફરિયાદો પણ કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, આ ભુલોને સુધારી લેવાની જરૂર છે. આજે સવારે પણ ચીફ જસ્ટિસ દિપક મિશ્રા સાથે વાતચીત કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય ન્યાયાધીશ દિપક મિશ્રાએ સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ ન્યાયાધીશોના પત્રકાર પરિષદના કાર્યક્રમના સંદર્ભમાં એટર્ની જનરલ કેકે વેણુગોપાલને બોલાવ્યા હતા. સુપ્રીમ કોર્ટના જજોએ પ્રથમ વખત મિડિયાની સામે આવીને આ મુજબની વાત કરી છે. ન્યાયાધીશોએ મિડિયા સમક્ષ કહ્યું હતું કે, આજે અમે એટલા માટે મિડિયાની સામે આવ્યા છે કે કોઇ એમ ન કહે કે અમે અમારો આત્મા વેચી દીધો છે. તમામે દિપક મિશ્રા દ્વારા મામલાઓની ફાળવણીને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. જસ્ટિસ ચેલમેશ્વરે કહ્યું હતું કે, અમે કોઇ કામને યોગ્યરીતે કરવા માટે અપીલ કરી ચુક્યા છે. થોડાક મહિના પહેલા ચારેય જજોએ ચીફ જસ્ટિને પત્ર લખ્યો હતો પરંતુ પ્રયાસો સફળ રહ્યા ન હતા. કોઇ વિકલ્પ ન બચતા મિડિયાની સામે આવ્યા છીએ.દેશનું લોકતંત્ર ખતરામાં છે. અમે આગળ કહ્યું છે કે, અમે ઈચ્છીએ છીએ કે, અમારા દ્વારા ઉઠાવવામાં આવેલા મામલામાં કાર્યવાહી કરવામાં આવે. અમે યોગ્ય દિશામાં આગળ વધવા ઈચ્છુક છે. રાષ્ટ્રની સમક્ષ તમામ બાબતો હવે રજૂ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં બે નંબરના જજ ગણાતા જસ્ટિસ ચેલેમેશ્વરે મિડિયા સાથે વાત કરી હતી. પત્રકારો તરફથી પુછવામાં આવતા જસ્ટિસ કુરિયન જોસેફે કહ્યું હતું કે, કોઇ મામલાને લઈને પત્ર લખવામાં આવ્યો હતો. સીબીઆઈ જજ જસ્ટિસ લોયાના મોત સાથે સંબંધિત મામલો છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કુરિયને હકારમાં જવાબ આપ્યો હતો. સીજેઆઈને લખવામાં આવેલા પત્ર જજ મિડિયાને આપનાર છે. ચેલેમેશ્વરે કહ્યું હતું કે, તમામ બાબતો પારદર્શકરીતે આગળ વધે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટના છેલ્લા કેટલાક મહિનામાં એવી બાબતો બની છે જે બનવી જોઇએ નહીં.

## ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની કાર્યશૈલી પર પ્રશ્ન ઉઠાવાયા

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને ચાર જજ હવે આમને સામને આવી ગયા છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની કાર્યશૈલી ઉપર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. સાત પાનાનો પત્ર લખીને કેટલાક મામલાઓની ફાળવણીને લઇને પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ મામલો આગામી દિવસોમાં પણ ભારે હોબાળો મચાવે તેવી શક્યતા છે. પત્રમાં એવો આક્ષેપ પણ કરાયો છે કે, ચીફ જસ્ટિસ તરફથી કેટલાક મામલાઓને પસંદગીની બેંચોને જ સોંપવામાં આવ્યા હતા. સાથે સાથે ખાસ જજને કામગીરી સોંપવામાં આવી રહી હતી. આના કારણે આ જજ ખુલ્લીરીતે મેદાનમાં આવી ગયા છે. પ્રથમ વખત મિડિયાની સામે આવીને ચીફ જસ્ટિસ સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા છે. દેશનું લોકતંત્ર ખતરામાં હોવાની વાત જસ્ટિસ ચેલેમેશ્વર દ્વારા કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, અમારા દ્વારા ઉઠાવવામાં આવેલા મામલામાં કાર્યવાહી કરવામાં આવે તે જરૂર છે.

## અમારા ન્યાયતંત્ર માટે કાળો દિવસ છે : ઉજ્જવલ નિકમ

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટિસ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. ચીફ જસ્ટિસની કાર્યશૈલી સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ ન્યાયતંત્રના વરિષ્ઠ લોકોએ આ અંગે પોતપોતાની પ્રતિક્રિયા આપી છે. વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમે કહ્યું છે કે, અમારા ન્યાયતંત્ર માટે આ કાળા દિવસ સમાન છે. સુપ્રીમ કોર્ટના જજને તેઓ કોઇ સલાહ આપવા ઈચ્છુક નથી. જો કે, કોઇપણ સમસ્યાને ઉકેલવાના પ્રયાસ ચોક્કસપણે થવા જોઇએ. લોકશાહી માટે આ ખુબ જ નિરાશાજનક બાબત છે. આજની પત્રકાર પરિષદ ખોટો દાખલો બેસાડશે. હવેથી દરેક સામાન્ય વ્યક્તિ ન્યાયતંત્રના આદેશને પણ શંકાની દ્રષ્ટિએ જોશે. દરેક ચુકાદા સામે પ્રશ્નો થઇ શકે છે. અન્ય વરિષ્ઠ એડવોકેટ દ્વારા પણ પોતપોતાની પ્રતિક્રિયાઓ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના જજ પ્રત્યે તેઓ આભાર માને છે. સીજેઆઈ દિપક મિશ્રાએ ખુલ્લીરીતે માસ્ટર ઓફ રોસ્ટર તરીકે રહીને તેમની સત્તાનો દુરુપયોગ કર્યો છે. કેસોમાં ચોક્કસ પરિણામ હાંસલ કરવાના પ્રયાસો થયા છે. જો તેમનામાં જવાબદારી જેવી છે તો તેમને રાજીનામુ આપવું જોઇએ. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડવોકેટ કેટીએસ તુલસીએ પણ આને લઇને પોતાની પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વકીલ સલમાન ખુરશીદે કહ્યું છે કે, જજોએ આ વિવાદોને પોતાની રીતે ઉકેલવા જોઇએ. કપિલ સિબ્બલ અને ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. ભાજપના સભ્ય અને વકીલ હિતેશ જૈને કહ્યું છે કે, આ ખુબ જ દુખદ બાબત છે.

## એક સાથે ૩૧ ઉપગ્રહો સફળરીતે લોન્ચ

શ્રીહરીકોટા,તા. ૧૨

અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ( ઈસરો)એ આજે નવો ઈતિહાસ સર્જયો હતો. ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ચેન્નાઈથી ૧૧૦ કિલોમીટરના અંતરે સ્થિત શ્રીહરિકોટ અંતરિક્ષ કેન્દ્રથી આ તમામ ઉપગ્રહો લોંચ કરવામાં આવ્યા હતા. પીએસએલવી-સી૪૦એ સવારે ૯.૨૮ વાગે ઐતિહાસિક ઉંડાણ ભરી હતી. અંતરિક્ષ કેન્દ્રના પ્રથમ લોંચપેડથી ૪૪.૪ મીટર લાંબા રોકેટે ઉંડાણ ભરી હતી. ઈસરોએ જૂન ૨૦૧૭ સુધી ૨૭૮ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ગયા વર્ષે સ્પેશમાં ૧૦૪ સેટેલાઈટ મોકલવાનો રેકોર્ડ પણ સર્જવામાં આવ્યો હતો. પીએસએલવી-સી૩૭ મારફતે આ તમામ ઉપગ્રહો છોડવામાં આવ્યા હતા. ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા



૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ત્રણ સ્વદેશી ઉપગ્રહ છે. વિદેશી સેટેલાઈટની વાત કરવામાં આવે તો કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે. પીએસએલવી -સી ૪૦ મારફતે કુલ ૧૩૨૩ કિલોના સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા હતા. જેમાં કાર્ટોસેટ-૨નુ વજન ૭૧૦ કિલોગ્રામ હોવાનુ જાણવા મળ્યુ છે. જ્યારે બાકીના ૩૦ સેટેલાઈટનુ વજન ૬૧૩ કિલો હોવાનુ જાણવા મળ્યુ છે. અગાઉ ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન અથવા તો ઈસરો દ્વારા પીએસએલવી-સી૪૦ કાર્ટોસેટ-૨ સેટેલાઈટ મિશન માટે કાઉન્ટડાઉનની શરૂઆત કરવામાં આવી હતી. ૨૮ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલ્યુ હતુ. ગઈકાલે સવારે ૫.૨૯ વાગે કાઉન્ટડાઉનની શરૂઆત થઇ હતી. ઈસરોની વેબસાઈટ ઉપર આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. મિશન રેડિનેસ રિવ્યુ કમિટિ અને લોંચ ઓથોરાઈઝેશન બોર્ડ દ્વારા બુધવારના દિવસે કાઉન્ટડાઉનને મંજુરી આપવામાં આવ્યા બાદ આ કાઉન્ટડાઉન શરૂ થયું હતુ. આ રોકેટ એક સાથે ૩૧ સેટેલાઈટને લઈને રવાના હતુ હતુ જેમાં મુખ્ય પેલોડ કાર્ટોસેટ-૨ સીરીઝનો સમાવેશ થાય છે. તેના વર્કહોર્સ પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ પીએસએલવી મારફતે ૨૫૦થી વધુ સેટેલાઈટોને પરિભ્રમણ કક્ષામાં સફળરીતે તરતા મુકી દેવામાં આવ્યા બાદથી ઈસરો જુદા જુદા દેશોના ઉપગ્રહોને હવે તરતા મુકી રહ્યું છે. સ્પેશ સંસ્થા દ્વારા હવે પીએસએલવીની નવી ક્ષમતા ઉમેરી દીધી છે. ઈસરો દ્વારા નાનકડા સેટેલાઈટની દિશામાં આગેકૂચ કરી દીધી છે.અત્રે નોંધનીય છે કે, ૩૧મી ઓગસ્ટ ૨૦૧૭ના દિવસે તેના અગાઉના પીએસએલવી મિશનને નિષ્ફળતા મળી હતી. ઈસરો અને એટ્રિક્સ કોર્પોરેશન લિમિટેડ વચ્ચે થયેલી વ્યાપારી સમજૂતિ હેઠળ ૨૮ આંતરરાષ્ટ્રીય ઉપગ્રહો છોડવામાં આવ્યા હતા. ઈસરોએ એક પછી એક સફળતાઓ હાસલ કરી છે. તાજેતરના વર્ષોમાં ઈસરોએ વિશ્વના અન્ય દેશોના ઉપગ્રહોને પણ સફળતાપૂર્વક લોંચ કર્યા છે. ઈસરોએ ભારતના પ્રથમ સેટેલાઈટ આર્યભટ્ટને લોંચ કર્યા બાદથી એક પછી એક સિદ્ધિઓ હાસલ કરી છે. વિશ્વના દેશોમાં ભારતે પોતાની અલગ ઓળખ અંતરિક્ષના ક્ષેત્રમાં ઉભી કરી છે.

## સફળ લોન્ચ બદલ મોદીએ ઈસરોને પાઠવેલી શુભેચ્છા

શ્રીહરીકોટા,તા. ૧૨

ભારતીય અંતરિક્ષ સંસ્થા ઈસરોએ આજે એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કરીને મોટી સિદ્ધિ હાસલ કરી હતી. ઈસરોએ તેની પ્રાથમિકતા પહેલાથી જ નક્કી કરેલી છે. આજે સફળ લોંચ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ અને અન્યોએ ઈસરોને શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ લોંચ સમયે ઉપસ્થિત રહેલા ઈસરોના ચેરમેને પણ તમામને શુભેચ્છા પાઠવી હતી. વૈજ્ઞાનિકોએ એક બીજાને અભિનંદન આપ્યા હતા. અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ( ઈસરો)એ આજે નવો ઈતિહાસ સર્જયો હતો. ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા ૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ત્રણ સ્વદેશી ઉપગ્રહ છે. વિદેશી સેટેલાઈટની વાત કરવામાં આવે તો કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે. પીએસએલવી -સી ૪૦ મારફતે કુલ ૧૩૨૩ કિલોના સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા હતા. ઈસરોને છેલ્લે તેના મિશનમાં નિષ્ફળતા મળી હતી. ત્યારબાદ ખામી પર ધ્યાન અપાયુ હતુ. છેલ્લે ૩૧મી ઓગષ્ટ ૨૦૧૭ના દિવસે પીએસએલવી-સી ૩૯ મિશન નિષ્ફળ રહ્યુ હતુ. મોદીએ કહ્યું હતું કે, પીએસએલવીની સફળ ઉંડાણ ઈસરો અને વૈજ્ઞાનિકોની મોટી સિદ્ધિ છે. નવા વર્ષમાં આ સફળતા દેશ માટે અંતરિક્ષ ટેકનોલોજીના ક્ષેત્રમાં નાગરિકો, ખેડૂતો અને માછીમારોને ફાયદાકારક સાબિત થશે. ઈસરોની સફળતા ભારતના અંતરિક્ષ કાર્યક્રમના ઉજ્જવળ ભાવિને દર્શાવે છે. વૈજ્ઞાનિકોએ નવા વર્ષની એક મોટી ભેંટ આપી છે તેમ મોદીએ કહ્યું હતું.

## ૨૦૧૯ને ધ્યાને રાખી મોદીએ મહાસચિવ-પ્રભારીઓ સાથે બેઠક યોજી

નવીદિલ્હી,તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના મહાસચિવો અને રાજ્ય પ્રભારીઓ સાથે ડિનર પર ખાસ મુલાકાત કરી હતી.આ મુલાકાતમાં પીએમ મોદીએ પાર્ટીના નેતાઓને આગામી વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની તૈયારીઓ પર ભાર આપવાનો સંદેશ આપ્યો હતો. આ બેઠકમાં પાર્ટી અધ્યક્ષ અમિત શાહ અને અનેક કેન્દ્રીય મંત્રી પણ હાજર રહ્યા.પીએમ મોદીએ મહાસચિવો અને રાજ્ય પ્રભારીઓને કેદ્ર સરકારની યોજનાઓની સફળતાને મતદાતાઓ સુધી પહોંચાડવા કહ્યું હતુ. આ સાથે કાર્યકર્તા પાર્ટીને બુથ સ્તર સુધી મજબૂત કરે તેવી સૂચના આપી છે.આ વખતની બેઠક સામાન્ય બજેટ અને અનેક રાજ્યમાં આવી રહેલી ચૂંટણી પૂર્વે મળી છે.

જો કે આગામી વર્ષે લોકસભાની ચૂંટણી પણ થશે.જેથી આ બેઠકને ખાસ માનવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ પૂર્વોત્તરના ત્રિપુરા, મેઘાલય અને મિઝોરમમાં યોજાનાર ચૂંટણી સહિત મધ્યપ્રદેશ,છત્તીસગઢ અને રાજસ્થાનની ચૂંટણી પર બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.ફેબ્રુઆરીમાં રજૂ થનાર બજેટ એનડીએ સરકારનું છેલ્લુ બજેટ હશે.જેથી કેન્દ્ર સરકારના પ્રયાસો રહેશે કે આ બજેટમાં તે મતદારોને આકર્ષી શકે છે.

## કમાણીની દ્રષ્ટીએ કોમર્શિયલ સેટેલાઈટોનો કારોબાર વધ્યો

શ્રીહરીકોટા,તા. ૧૨

અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે આજે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી લીધી હતી. શ્રીહરિકોટા સ્પેસ સેન્ટર ખાતેથી એક જ મિશનમાં ૩૧ ઉપગ્રહોને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા. આની સાથે જ ભારત હવે વાણિજ્યના ક્ષેત્રમાં પણ જંગી કમાણી કરે તેવા સંકેત છે. કમાણી માટે કોમર્શિયલ સેટેલાઈટને સ્પેસમાં મોકલવાનો કારોબાર હાલના દિવસોમાં વધી રહ્યો છે. ફોન, ઈન્ટરનેટ અને અન્ય કંપનીઓ તથા તમામ દેશો હાઈટેક કોમ્યુનિકેશનની માંગણી કરી રહ્યા છે. ઈસરોએ ૨૦૧૩માં ઓર્બિટ માર્સ ઉપર એક માનવરહિત રોકેટ મોકલવામાં સફળતા મેળવી હતી. તેની ઉપર ૭૩ મિલિયન ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે બીજી તરફ નાસાએ આ પ્રકારના માર્સ મિશન ઉપર ૬૭૧ મિલિયન ડોલરનો જંગી ખર્ચ કર્યો હતો. ઈસરોની સફળતાને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે આ વખતના સામાન્ય બજેટમાં સ્પેસ એજન્સીના બજેટમાં ફાળવણી વધારી દીધી હતી. ઈસરોના કહેવા મુજબ ઈસરોની આ સફળતાને અભૂતપૂર્વ સફળતા તરીકે ગણવામાં આવે છે. અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ( ઈસરો)એ આજે નવો ઈતિહાસ સર્જયો હતો. ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા ૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ત્રણ સ્વદેશી ઉપગ્રહ છે. વિદેશી સેટેલાઈટની વાત કરવામાં આવે તો કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

**તંત્રી સ્થાનેથી....**

## મોદી સરકારની નવી આઈડી પદ્ધતિ 'ચકાસ્યા વગરની અને નકામી'....!?

અને હવે... વર્ચ્યુઅલ આઈડી! એટલે કે દેખીતી ઓળખ. યુઆઈડીએઆઈની વેબ સાઈટ પર જઈને કોઈ પણ વ્યક્તિ સોળ ડીજીટની પોતાની ઓળખ ઊભી કરી શકશે અને જ્યાં સંપૂર્ણપણે આધારકાર્ડની જરૂર ન હોય ત્યાં આધારકાર્ડના નંબર આપ્યા વગર, એ ડિજિટ આપીને પોતાની ઓળખ આપી શકશે. ઉદાહરણ તરીકે સિમ વેરિફિકેશન જેવા હેતુ માટે માત્ર આટલું ચાલશે. તેમાં માત્ર નામ, તસવીર અને સરનામા જેવી માહિતી જ હશે.

બુધવારે સરકારે વર્ચ્યુઅલ આઈડીની યોજના વહેતી મૂકી, કારણ કે આધારકાર્ડની વિગતોની ચોરી થતી હોવાનું બહાર આવ્યું જેનાથી વ્યક્તિની અંગત વિગતો પર જોખમ ઊભું થયું હોવાનો ભય જે લોકોને હતો, એ હવે સરકારને પણ લાગ્યો!

જો કે, સરકારની દૃષ્ટિએ અત્યંત અંગત વિગતોમાં મેડિકલ અને બૅન્કિંગ રેકોર્ડ્સ એ બે વસ્તુ જ માત્ર આવે છે! જ્યારે ખાનગી વિગતોની વાત કરતા હોઈએ ત્યારે વિગતોની પ્રાપ્યતા, વિગતોનો ઉપયોગ, અનામી વિગતો અને ખાનગી વિગતો આ બધા વચ્ચે સમતુલા જાળવવી જોઈએ એવું સરકાર માને છે. આ બધી વાતો આધારકાર્ડની નીતિનો બચાવ કરવા માટે છે. લોકો ભોગ બન્યા છે. એટલે લોકોની અદાલતમાં હવે આવા ખુલાસાઓ નહીં ચાલે, એટલે ખાનગી વિગતો સુરક્ષિત રહે તે માટે બુધવારે વર્ચ્યુઅલ આઈડીની જાહેરાત થઈ! અને તેના પાછળ એક મહિલા પત્રકારે પ્રસિદ્ધ કરેલી વિગતોથી તંત્ર હચમચી ઊઠ્યું. જો માત્ર પાંચસો રૂપિયામાં લાખો લોકોના આધારકાર્ડની વિગતો મળી શકતી હોય તો સલામતી ક્યાં રહી?

સર્વોચ્ચ અદાલતે થોડા સમય પહેલાં જ કહ્યું હતું કે, લોકોને પ્રાઈવસી રાઈટનો અધિકાર છે. એ અધિકારનો ભંગ થતો હોય તો તે અંગે ઊંડી તપાસ થવી જોઈએ.

ડિજિટલ ટૅક્નોલોજીના વિકાસ અને અમલ માટે આ દેશનો એક પણ નાગરિક ના ન પાડે, પરંતુ પોતાની સુરક્ષાના અભાવે તો નહીં જ. આ વર્ચ્યુઅલ આઈડી પણ આખરે યુઆઈડીએઆઈની વેબસાઈટ પર નોંધાશે... અને ત્યાંથી તો આધારની વિગતો હેક થવાનાં ઉદાહરણો મળે છે! ભારતે પ્રકાશિત આંખો અને ઉડતી પાંખો કરતાં વધુ 'સ્માર્ટ' થવાની જરૂર છે. ડિજિટલ ટેક્નોલોજી પાછળની દોટ આંધળી તો નથી ને? એ જોવું જરૂરી છે, નહીં તો 'ન્યૂ ઈન્ડિયા' બહુ જ કમજોર ઈન્ડિયા બની જશે! તાજેતરમાં રિઝર્વ બૅંકના 'સ્ટાફ પેપર' પણ સરકારની આંખ ખોલવા જણાવ્યું છે કે, સાયબર વોરફેર થઈ શકે છે, આધારના કારણે! અને પાકિસ્તાન જેવો દુશ્મન દેશ વેપાર અને અર્થતંત્ર બગાડવા તેનો હથિયાર તરીકે ઉપયોગ કરીને સરકાર વિરુદ્ધ વાતાવરણ ઊભું કરી શકે છે! માત્ર ૩૦૦ રૂપિયામાં બજારમાંથી સોફ્ટવેર મળે જેના દ્વારા ઘરેલું લૂંટારાઓ પણ અસહ્ય લૂંટ ચલાવી શકે છે. જોકે ટંગડી ઊંચી રાખીને યુઆઈડીએઆઈ તો આ બધી શક્યતાઓ નકારી કાઢે છે!

સરકાર વર્ચ્યુઅલ આઈડી લાવી અને ૧લી જૂનથી બધી એજન્સીઓએ તેને સ્વીકારવી એવી સૂચના પણ આપી દીધી છે! સરકારે જેવી આ જાહેરાત કરી કે, કૉંગ્રેસના નેતા ચિદમ્બરમે કહ્યું છે કે, સરકારનું આ પગલું ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળાં મારવા સમાન છે. નુકસાન તો થઈ જ ચૂક્યું છે. લાખો ભારતીય નાગરિકોએ એ પહેલાં જ તેમનો યુનિક આઈડી જેણે માગ્યો તેવા સર્વિસ પ્રોવાઈડરને આપી જ દીધા છે. કારણ કે સરકારે તેને ઠેકઠેકાણે 'લિંક' કરવાનું ફરજિયાત બનાવી દીધું છે, હવે શું થાય?

મદ્રાસ હાઈ કોર્ટે તો એટલે સુધી કહ્યું છે કે, આધારને પડકારતી જાહેરહિતની અરજી થવી જરૂરી છે અને યુઆઈડીએઆઈના ભૂતપૂર્વ ચેરમેન નંદન નીલકેણી એમ કહે છે કે, આધારકાર્ડને બદનામ કરવા માટેની આ બધી આયોજિત ઝુંબેશ છે!

બીજી બાજુ ગુરુવારે જ, સુપ્રીમ કોર્ટમાં સરકારની આ વર્ચ્યુઅલ આઈડીની યોજનાને પડકારતી ઘણી બધી પિટિશન્સ ફાઈલ થઈ ગઈ છે. અરજદારોએ આ નવી આઈડી પદ્ધતિને 'ચકાસ્યા વગરની અને નકામી' હોવાનું જણાવ્યું છે. આમ પણ આધારકાર્ડ બાબતે સુપ્રીમ કોર્ટનું વલણ સ્પષ્ટ રહ્યું છે, જોઈએ હવે આ પ્રકરણમાં સરકારને નીચાજોણું થાય છે કે, એ સફળ થાય છે! આવતા અઠવાડિયે થનારી સુનાવણી પર રાખીએ નજર!

# ભાજપની સત્તા લાલસા, કાશ્મીરમાં આતંકીને શહિદ ગણાવાયો છતાં ૫૬ની છાતી દેખાતી નથી??

ભાજપ સત્તામાં નહોતો આવ્યો ત્યારે કાશ્મીર મુદ્દે ખોંખારીને બોલતો ને એ વખતે એવું જ લાગતું કે ભાજપ સત્તામાં આવી ગયો તો કાશ્મીરમાં જે પણ ભારતવિરોધી પ્રવૃત્તિ ચાલે છે એ બધી બંધ થઈ જશે ને ભારત સામે ઝેર ઓકતા આતંકવાદીઓના દલાલોની તો બોલતી જ બંધ થઈ જશે. ભાજપની સરકાર આતંકવાદીઓને તો સાફ કરી જ નાંખશે પણ આતંકવાદીઓની દલાલી કરનારાઓને પણ પાંસરા કરી નાંખશે. કમનસીબે ભાજપને કેન્દ્રમાં સત્તામાં આવ્યે સાડાત્રણ વરસ થઈ ગયાં ને આમાંનું કશું થયું નથી ને આ સાડાત્રણ વરસમાં આ ભરમ જતો રહે એવી સાડાત્રણસો ઘટનાઓ બની ગઈ છે. કાશ્મીરમાં આતંકવાદ એમનો એમ છે ને ભાજપના નેતાઓ તાબોટા પાડવા સિવાય કશું કરી શકતા નથી. કાશ્મીરમાં આતંકવાદીઓના દલાલો હજુય જીભે ચડે તેવા લવારા કરે છે ને ભાજપના નેતાઓ બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી રહે છે. આવી ઘટનાઓ યાદ કરવા બેસો તો એક યાદ કરો ને એક ભૂલો એવી હાલત છે. આવી જ વધુ એક ઘટના ગુરૂવારે બની ગઈ.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપે મહેબૂબા મુફ્તીની પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) સાથે નાતરૂં કરીને સરકાર બનાવી છે. આ પીડીપીમાં ઐજાઝ અહમદ પીર નામના એક ધારાસભ્ય છે. આ પીર સાહેબે જાહેર કર્યું છે કે, કાશ્મીરમાં માર્યા જતા આતંકવાદીઓ શહીદ છે ને આપણા ભાઈઓ છે. આ લોકો મરાય ત્યારે આપણે ઉજવણી ના કરવી જોઈએ પણ માતમ મનાવવો જોઈએ કેમ કે આપણે બધા સામૂહિક રીતે નિષ્ફળ નીવડ્યા તેમાં એ લોકો બંદૂકો લઈને નીકળી પડે છે ને આતંકવાદી બને છે. આ આતંકવાદીઓ પૈકી ઘણાને તો મૂછનો દોરો પણ નથી ફૂટ્યો હોતો છતાં બંદૂકો લઈને નીકળી પડે છે. તેમને પોતાનાં કામોનું શું પરિણામ આવશે તેનું પણ ભાન નથી હોતું. પીર સાહેબે બીજું પણ ઘણું કહ્યું છે ને એ બધાની વાત માંડવા બેસીશું તો વાત લંબાઈ જશે તેથી એ બધી વાતો નથી કરતા પણ તેમની વાતોનો ટૂંકસાર એ છે કે આતંકવાદ ફેલાવનારા લોકોને કાશ્મીરીઓએ પૂજવા જોઈએ, તેમના મોતનો માતમ મનાવવો જોઈએ.

પીરે જે વાત કરી છે એ આપણા માટે આઘાતજનક છે પણ કાશ્મીરમાં આવા લવારા રોજ થાય છે ને કાશ્મીરના રાજકારણીઓ માટે આ નવી વાત નથી. કાશ્મીરમાં આ રીતે આતંકવાદીઓને થાબડભાણાં કરવાથી કાશ્મીરમાં કટ્ટરવાદીઓ ઝૂમી ઊઠે છે તેથી કાશ્મીર ખીણના રાજકારણીઓ આવા લવારા છાસવારે કરતા રહે છે. કાશ્મીર ખીણના રાજકારણીઓ આ રીતે આતંકવાદીઓની દલાલી કેમ કરે છે એ પણ સમજવા જેવું છે. કાશ્મીર ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. કાશ્મીર ખીણ, જમ્મુ અને લેહ-લદાખ. આ પૈકી જમ્મુમાં હિન્દુઓની બહુમતી છે ને આ વિસ્તારમાં પહેલાં કૉંગ્રેસ તથા ફારૂક અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સનો પ્રભાવ હતો પણ છેલ્લી ચૂંટણીમાં હિંદુઓને આંબા-આંબલી બતાવીને ત્યાં ભાજપે ખીલા ઠોકી દીધા. આ વિસ્તારની મોટા ભાગની બેઠકો અત્યારે ભાજપના કબજામાં છે. કાશ્મીરમાં હિંદુઓની હાલત ખરાબ છે તેથી ભાજપ કશું ના કરે તોય હિંદુઓ તેનાથી અલગ થાય એમ નથી કેમ કે ભાજપ વિના તેમનો છૂટકો નથી.

આ કારણે બાકી રહેલા કાશ્મીર ખીણ અને લેહ-લદાખ પ્રદેશોમાંથી મુસ્લિમ નેતાઓએ રળી ખાવાનું છે. આ પૈકી કાશ્મીર ખીણમાં મહેબૂબાનો પ્રભાવ વધારે છે કેમ કે મહેબૂબાના બાપા મુફ્તી મહમૂદ સઈદે ત્યાં બહુ મહેનત કરેલી. સઈદ પણ પાકિસ્તાનના દલાલો ને આતંકવાદીઓના પિઠ્ઠુઓ તરફ સહાનુભૂતિ બતાવી બતાવીને જ મોટા થયેલા ને ત્યાં તેમણે એ રીતે જ પોતાના ખીલા ઠોકેલા. કાશ્મીર ખીણમાં ભારતવિરોધી માનસિકતા સૌથી પ્રબળ છે ને કાશ્મીરમાં જે પણ હિંસા થાય છે એ વાસ્તવમાં ખીણમાં જ થાય છે. ખીણમાં કોઈ પણ રાજકારણીનું ભાવિ આ ઉધમાતિયા જ નક્કી કરે છે તેથી ભારતવિરોધી માનસિકતા ધરાવનારા આ હલકટોને પોતાની તરફ વાળી શકાય એ માટે ખીણના રાજકારણીઓ આવા લવારા કરતા રહે છે. પીર પણ આ રાજકારણની જ પેદાશ છે તેથી એ આવા લવારા કરે ને આતંકવાદીઓને શહીદ ગણાવે તેમાં કશું નવું નથી.

આ સંજોગોમાં સવાલ પીરનો કે તેમના જેવા બીજા કોઈ હલકટનો નથી પણ સવાલ ભાજપનો છે. આ લવારા સામે ભાજપ કેમ કશું કરતો નથી ? ભાજપે પીરના લવારા અંગે રીએક્શન આપ્યું છે કેમ કે રીએક્શન આપવું પડે છે. અત્યારે ટીવી ચેનલોનો જમાનો છે ને કંઈ પણ થાય એટલે ટીવી ચેનલોના પત્રકારો નેતાજીઓ સામે માઈક લઈને ખડા થઈ જાય છે ને 'ઈસ બારે મેં આપ કા ક્યા કહેના હૈ' એવો બીબાઢાળ સવાલ પૂછી નાંખે છે. જે નેતા ઝપટે ચડ્યો તેની સામે માઈક ધરી દેવાય એટલે તેણે જખ મારીને કંઈક તો કહેવું જ પડે. પીરના લવારા પછી પણ ચેનલોની ઝપટે ભાજપના નેતા મુખ્તાર અબ્બાસ નકવી ચડી ગયા એટલે તેમને પણ આવો સવાલ પૂછી લેવાયો. હવે નકવીથી ઓવું તો થોડું કહેવાય કે, પીર સાહેબની વાત સાચી છે ને અમે તેની સાથે સો ટકા સહમત છીએ ? એટલે નકવીએ ટિપિકલ જવાબ આપી દીધો કે, આતંકવાદીઓ ને અલગતાવાદીઓ કાશ્મીર, કાશ્મીરીઓ, વિકાસ ને શાંતિના દુશ્મન છે. એ લોકો કઈ રીતે કોઈના ભાઈ હોઈ શકે ?

બસ, વાત પતી ગઈ. ભાજપે પીરના લવારા સામે આટલું રીએક્શન આપીને પોતાનું કામ કર્યાનો સંતોષ માન્યો. તેનાથી આગળ કશું નહીં. જમ્મુ અને કાશ્મીરમાં અત્યારે પીડીપી સાથે ભાજપ સત્તામાં ભાગીદાર છે ને પીર પીડીપીના ધારાસભ્ય છે. આ સંજોગોમાં પીર જે કંઈ લવારા કરે એ ખરેખર તો ભાજપ માટે શરમજનક કહેવાય. આ સંજોગોમાં ભાજપે આ મામલો મહેબૂબા સામે ઉઠાવવો જોઈએ ને તેમનો ધારાસભ્ય આવા લવારા કેમ કરે છે એવો સવાલ કરવો જોઈએ. આ લવારા માટે પીરને ફાંસીએ ચડાવી દેવાય એવું કોઈ નથી કહેતું પણ ભાજપ બીજું કશું ના કરે તો કંઈ નહીં પણ કમસે કમ તેમને પોતાની વાત પાછી ખેંચીને માફી માગવાની ફરજ તો પાડી જ શકે. ભાજપે એવું કશું કર્યું નથી ને શરમજનક વાત તો એ છે કે ભાજપના કોઈ મોટા નેતા આ મામલે બોલવા પણ તૈયાર નથી. નકવી ટીવી ચેનલોમાં આવ્યા કરે છે, કેમ કે ભાજપ પાસે ગણીને બે મુસ્લિમ નેતા છે. પોતે સેક્યુલર છે એ બતાવવા ભાજપે જખ મારીને નકવીને આગળ કરવા પડે છે પણ નકવી ભાજપના મોટા નેતા ના કહેવાય. એ બીજી કતારના નેતા છે ને આ બીજી કતારિયાના નેતાને આગળ કરીને ભાજપે વાત પતાવી દીધી.

સત્તા લોકોને નપુંસક બનાવી દે છે એવું કહેવાય છે ને પીરના લવારા સામે ભાજપની ચુપકીદી તેનો પુરાવો છે. કાશ્મીર મામલે ભાજપ અત્યાર લગી શું કહેતો હતો એ કહેવાની જરૂર નથી. બંધારણની કલમ ૩૭૦ રદ કરી નાંખવાથી માંડીને પાકિસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપીને આતંકવાદીઓને સાફ કરી નાંખવા લગીનાં થૂંક ભાજપના નેતાઓએ ઉડાડ્યાં છે ને આ દેશનાં અબુધ લોકો એ થૂંકને પંચામૃત માનીને પી જતાં હતાં. અત્યારે ભાજપ કલમ ૩૭૦ની તો વાત જ નથી કરતો ને પાકિસ્તાનને તેની ભાષામાં જ જવાબ આપવાની તો વાત જ હવા થઈ ગઈ છે. પાકિસ્તાન રોજ આપણા બે-પાંચ જવાનોને ઢાળી દે છે ને આપણે વરસમાં બે વાર સર્જિકલ સ્ટ્રાઈક કરીને પાંચ-પચ્ચીસ પાકિસ્તાનીઓને માર્યા તેનો સંતોષ માનીએ છીએ. ભાજપની આ બાયલાગીરી જોયા પછી આપણે તેની પાસેથી ખરેખરી મર્દાનગીની તો આશા જ રાખતા નથી પણ ભાજપિયા કમસે કમ બોલવામાં તો શૂરા સાબિત થાય કે નહીં ? હાફીઝ સઈદ કે મસૂદ અઝહર જેવા આતંકવાદીઓને ઢાળવાનું ગજું છે એવું સાબિત ના કરે તો કંઈ નહીં પણ તેમના દલાલ એવા પીર જેવા લોકોની બોલતી બંધ કરવા જેટલો ભડ તો સાબિત થાય કે નહીં ? ભાજપથી એ પણ થતું નથી.

ભાજપે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવી વાત એ છે કે પીરે આપણા સાચા શહીદોનું અપમાન કર્યું છે ને ભાજપથી કશું થઈ શકતું નથી. આતંકવાદીઓ સામે લડીને દેશ માટે પોતાનો જીવ આપનારા ને પાકિસ્તાનના પૈસે જલસા ને અય્યાશી કરતા ને નિર્દોષોનાં લોહી પાડતા આતંકવાદીઓને એક પંગતમાં બેસાડનારા માણસને ભાજપ કશું ના કરી શકે તેનાથી વધારે શરમજનક શું હોય?

### સીજેઆઈ પર ચાર જજના આરોપથી સરકાર પણ હચમચી

# જજોના આરોપ અને પત્ર બાદ મોદીની કાયદામંત્રી સાથે ચર્ચા

### સુપ્રીમ કોર્ટનો આંતરિક મામલો છે અને સરકાર કોઈ પક્ષ તરીકે નહીં હોવાનું સરકારનું વલણ : સરકાર તરફથી હજુય સત્તાવાર નિવેદન જારી કરાયું નથી

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર જજ તરફથી પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા પર ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા બાદ આને લઈને ભારે હોબાળો થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પણ હચમચી ઉઠી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના આ પગલા બાદ વડાપ્રધાન મોદીએ તરત જ કાયદામંત્રી રવિશંકર પ્રસાદ સાથે ફોન પર વાત કરી હતી. આ મામલામાં સરકારને પણ હવે ઘણા સ્પષ્ટીકરણ કરવાની જરૂર પડશે. સનસનાટીપૂર્ણ આક્ષેપ કરવામાં આવ્યા બાદ ન્યાયપાલિકાથી લઈને સરકાર પણ હચમચી ઉઠી છે. જજના આરોપ અને પત્ર બાદ મોદીએ રવિશંકર પ્રસાદ સાથે વાતચીત કરી છે. અલબત્ત આને લઈને કોઈ સત્તાવાર નિવેદન જારી કરાયું નથી. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સરકાર માને છે કે, આ કોઈ સરકારનો મામલો નથી. આમા દરમિયાનગીરી કરવાની જરૂર દેખાઈ રહી નથી. સરકાર એમ પણ માને છેકે, આ સુપ્રીમનો આંતરિક મામલો છે. સરકાર તેમાં પક્ષ નથી. સમગ્ર મામલાને લઈને ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ એટર્ની જનરલ કેકે વેણુગોપાલ સાથે વાતચીત કરીને ચર્ચા કરી છે. ભાજપના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, મિડિયાની સમક્ષ આવનાર ચાર જજો જો પોતાની પીડા રજૂ કરી છે તો તેમને ચોક્કસપણે પીડા થઈ હતી. સ્વામીએ એમ પણ કહ્યું છે કે, જજોએ ચીફ જસ્ટિસ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમની વચ્ચે વિવાદ છે જેથી વડાપ્રધાને આ મામલામાં દરમિયાનગીરી કરવી જોઈએ. મિડિયાની સમક્ષ વાત રજૂ કરનાર ચારેય જજ બુદ્ધિજીવી છે. તેમની વાતો પર ધ્યાન આપવાની જરૂર છે.

# લોકતંત્ર ખતરામાં હોવાનો કોંગ્રેસ પાર્ટીનો અભિપ્રાય

### સુપ્રીમ કોર્ટના ૪ વરિષ્ઠ જજ દ્વારા સીજેઆઈ પર ગંભીર પ્રકારના આક્ષેપો કરાયા બાદ કોંગી તરફથી પણ પ્રતિક્રિયા

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ જજના સીજેઆઈ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો થયા બાદ કોંગ્રેસ પાર્ટીએ પણ તેની પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યું છે કે, લોકતંત્ર ખતરામાં છે. કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી કરવામાં આવેલા ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, ચાર જજ દ્વારા સુપ્રીમ કોર્ટમાં વહીવટી અને અનિયમિતતાના આરોપ પર અમે ગંભીર છીએ અને ચિંતિત પણ છીએ. સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત આ પ્રકારના આરોપો જાહેરમાં મિડિયા સમક્ષ કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા અનિયમિતતાના આરોપો મુકવામાં આવ્યા હતા. આશરે બે મહિના પહેલા પત્ર લખીને ચાર જજોએ ચીફ જસ્ટિસને અનિયમિતતા તરફ ધ્યાન દોર્યું હતું. સુપ્રીમ કોર્ટના નંબર બેના જજ ગણાતા જસ્ટિસ ચેલેમેશ્વરે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું છે કે, આ મામલો એક કેસના એસાઈન્ટમેન્ટને લઈને હતો. ચીફ જસ્ટિસને અમે વાત સમજાવી શક્યા ન હતા.

# વ્યસ્ત કલાકોમાં સૌથી વધુ માર્ગ દુર્ઘટનામાં મોત : સર્વે

અમદાવાદ,તા. ૧૨

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, વ્યસ્ત રહેતા કલાકોમાં જ માર્ગ અકસ્માતોમાં વધુ સંખ્યામાં મોત થઈ રહ્યા છે. આ અંગે અભ્યાસ કરવામાં આવ્યા બાદ આની વિગતો સપાટી ઉપર આવી છે. શહેરમાં ૨૩૧ ગંભીર અકસ્માતોને આવરી લઈને કરવામાં આવેલા વ્યાપક અભ્યાસ બાદ જાણવા મળ્યું છે કે, મોટાભાગે અકસ્માતોમાં મોત સવારે ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા વચ્ચેના અકસ્માતોમાં થયા છે અને ત્યારબાદ રાત્રે નવ વાગ્યા બાદ વધુ અકસ્માતોમાં મોત થયા છે. જે દર્શાવે છે કે, અમદાવાદી લોકો ઓફિસ જતી વેળા અને ઓફિસથી ઘરે પરત ફરતી વેળા બિનજરૂરી ઉતાવળ કરે છે. વર્ષ ૨૦૧૬ માટે જેપી રિસર્ચ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા રિસર્ચમાં જાણવા મળ્યું છે કે, ચાલતા જતા લોકો પણ અકસ્માતનો શિકાર થયા છે.અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૨૩૧ અકસ્માતો પૈકી ૧૫૬માં તપાસ હાથ ધરવામાં આવી હતી. એવું પણ જાણવા મળ્યું છે કે, ૧૨૯ મોતના કેસ બન્યા છે. વયના આધાર પર જોવામાં આવે તો આ ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. બીજી બાજુ માર્ગ અકસ્માતોને રોકવા માટે સાવચેતીના તમામ પગલા પણ લેવામાં આવી રહ્યા છે. શહેરના માર્ગો ઉપર ટ્રાફિકને લઈને થઈ રહેલી સમસ્યાને રોકવા માટે શહેર પોલીસ દ્વારા જાહેરનામુ જારી કરવામાં આવ્યું છે જેમાં પાર્કિંગને લઈને સૂચના આપવામાં આવી છે. વાણિજ્ય પ્રવૃત્તિઓ માટે સામાન્ય વિસ્તારોના ઉપયોગને લઈને પણ સૂચના અપાઈ છે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, બેઝમેન્ટ અને અન્ય વિસ્તારોનો ઉપયોગ જુદી જુદી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે. આવી સ્થિતિમાં ટ્રાફિકની સસ્યાઓ સર્જાય છે.

## CJI પર મહાભિયોગ અંગે દેશ જ નિર્ણય કરે

નવીદિલ્હી, તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ જજના સીજેઆઈ ઉપર શુક્રવારના દિવસે ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા બાદ દેશભરમાં હોબાળો મચેલો છે. સુપ્રીમ કોર્ટમાં નંબર બેના જજ ગણાતા જસ્ટિસ ચેલેમેશ્વરે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અમારા પત્ર પર હવે રાષ્ટ્રને વિચારણા કરવાની જરૂર છે. મુખ્ય ન્યાયાધીશની સામે મહાભિયોગ ચલાવવામાં આવે કે કેમ તે અંગે રાષ્ટ્રએ નિર્ણય કરવો જોઈએ. જસ્ટિસ ચેલેમેશ્વરે કહ્યું હતું કે, આ ખુશીની વાત નથી કે, અમને પત્રકાર પરિષદ બોલાવવી પડી છે. સુપ્રીમ કોર્ટનું તંત્ર યોગ્યરીતે ચાલી રહ્યું ન હતું. છેલ્લા કેટલાક મહિનામાં કેટલીક બાબતો એવી બની હતી જે બનવી જોઈતી ન હતી. સામાન્યરીતે જજ મિડિયાથી અંતર રાખે છે અને જાહેરરીતે ન્યાયતંત્ર તરફથી ચીફ જસ્ટિસ જ નિવેદન કરે છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ ચેલેમેશ્વર વચ્ચે ઘણા મુદ્દા પર મતભેદો છે.

# ભારત-આફ્રિકા વચ્ચે બીજી ટેસ્ટ મેચનો તખ્તો ગોઠવાયો

નવીદિલ્હી,તા. ૧૨

ફ્રીડમ સિરિઝની બીજી ટેસ્ટ મેચ આવતીકાલથી શરૂ થઈ રહી છે. ભારત અને આફ્રિકા વચ્ચે સેન્ચુરિયન ખાતે શરૂ થતી આ ટેસ્ટમાં પણ ઝડપી બોલરો છવાયેલા રહે તેવી શક્યતા છે. પ્રથમ ટેસ્ટમાં હાર ખાધા બાદ ભારતીય ટીમ પર દબાણ વધી ગયુ છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવા માટે સજ્જ દેખાઈ રહી છે. ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકાની સાથે પોતાના ૨૫ વર્ષની દ્વિપક્ષીય ટેસ્ટ શ્રેણીના ઈતિહાસમાં માત્ર એક જ મેચ સેન્ચુરિયનમાં રમી છે. આ ટેસ્ટ મેચ ડિસેમ્બર ૨૦૧૦માં રમાઈ હતી. આ ટેસ્ટ મેચમાં પણ ભારતને ઈનિંગ્સ અને ૨૫ રને હારનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ ઈનિંગ્સમાં ભારતીય બેટ્સમેનો પેસ અને બાઉન્સની સામે ઉભા રહી શક્યા ન હતા. ૨૫ વર્ષના મોર્કેલે ૧૨.૪ ઓવરમાં ૨૦ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે ડેલ સ્ટેઈને ત્રણ વિકેટ ઝડપી હતી. સ્ટેઈન ભલે ઈજાના કારણે સિરિઝથી બહાર થઈ ગયો છે પરંતુ મોર્ની મોર્કેલ ઝડપી આક્રમણનું નેતૃત્વ કરશે. પ્રથમ ટેસ્ટ મેચમાં તરખાટ મચાવનાર ફિલાન્ડર પાસેથી જોરદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ફિલાન્ડરે કેપટાઉન ટેસ્ટમાં બીજી ઈનિંગ્સમાં છ વિકેટ ઝડપી હતી અને ટેસ્ટ મેચમાં કુલ નવ વિકેટ ઝડપી હતી. તેની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. સેન્ચુરિયનમાં અલગ પ્રકારની વિકેટ છે. રબાડા સેન્ચુરિયનમાં વધારે સફળ રહ્યો છે. તેનાથી સૌથી વધારે ખતરો રહેલો છે. ૨૨ વર્ષના આ ઝડપી બોલરે હાલના વર્ષોમાં ૧૪૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે બોલ ફેંક્યા છે. તેના મુશ્કેલીમાં મુકનાર બાઉન્સર ચિંતા ઉપજાવે તેવા છે.

### શ્રીહરીકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોંચ

# સેટેલાઈટ લોંચની ખાસ વાતો

શ્રીહરીકોટા, તા. ૧૨

અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ( ઈસરો)એ આજે નવો ઈતિહાસ સર્જયો હતો. ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા ૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ૬ણ સ્વદેશી ઉપગ્રહ છે. ૨૮ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલ્યુ હતુ. ગઈકાલે સવારે ૫.૨૯ વાગે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ હતી. ઈસરોની વેબસાઈટ ઉપર આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. મિશન રેડિનેસ રિવ્યુ કમિટિ અને લોંચ ઓથોરાઈઝેશન બોર્ડ દ્વારા બુધવારના દિવસે કાઉન્ટડાઉનને મંજુરી આપવામાં આવ્યા બાદ આ કાઉન્ટડાઉન શરૂ થયું હતુ. ૧૦૦માં સેટેલાઈટ લોંચ કરવાની સાથે જોડાયેલી પાંચ ખાસ બાબતો નીચે મુજબ છે.

- શ્રીહરીકોટા ના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોંચ કરવામાં આવેલા પીએસએલવી સી-૪૦ થી ૬ણ સ્વદેશી અને ૨૮ વિદેશી ઉપગ્રહોને એક સાથે લોંચ કરવામાં આવ્યા
- વિદેશી સેટેલાઈટમાં કેનેડા, અમેરિકા, ફિનલેન્ડ, ફ્રાન્સના સેટેલાઈટ સામેલ
- અર્થ નેવિગેશન માટે છોડવામાં આવેલા ૧૦૦માં ઉપગ્રહ કાર્ટોસેટ-૨ સીરીઝ મિશનના પ્રથમ ઉપગ્રહ તરીકે રહ્યો છે
- ઈસરોની સાથે સહ યાત્રી સેટેલાઈટ પણ છે જેમાં ૧૦૦ કિલોગ્રામના માઈક્રો અને ૧૦ કિલોગ્રામના નેનો ઉપગ્રહનો પણ સમાવેશ થાય છે
- કાર્ટોસેટ-૨ સીરીઝના આ મિશનની સફળતા બાદ જમીનની વધુ સારી ગુણવત્તા સાથે ફોટો મળશે આ ફોટોનો ઉપયોગ માર્ગ નેટવર્ક પર નજર રાખવા, અર્બન એન્ડ રૂરલ પ્લાનિંગ કરવામાં પણ મદદ મળશે

### ખેડૂતોને રાજયસરકાર દ્વારા અપીલ કરાઈ

# નર્મદા આધારિત ઉનાળુ પાકનું વાવેતર ન કરવા માટેનું સૂચન

## મધ્યપ્રદેશમાં ઓછા વરસાદના કારણે નર્મદા યોજનામાં જળસંગ્રહ ઓછો થતાં ખેડૂતોને ૧૫મી માર્ચ સુધી પાણી

અમદાવાદ, તા.૧૨

ચાલુ વર્ષે મધ્યપ્રદેશમાં ઓછો વરસાદ થવાને કારણે નર્મદા સ્ત્રાવ વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે નર્મદા સ્ત્રાવ ક્ષેત્રમાં આવેલ બંધોમાં દર વર્ષે કરતા ૪૫ ટકા ઓછો પાણીનો સંગ્રહ થયો હોઇ, ખેડૂતભાઈઓને સિંચાઈ માટે ૧૫મી માર્ચ-૨૦૧૮ સુધી પાણી પુરુ પાડવામાં આવશે ત્યારબાદ ખેડૂતભાઈઓએ ઉનાળુ પાકનું વાવેતર ન કરવા અથવા પોતાની પાસે કોઇ અન્ય સ્ત્રોત હોય તો વાવેતર કરવા નર્મદા નિગમ દ્વારા જણાવાયું છે.નર્મદા નિગમ દ્વારા વધુમાં જણાવ્યા અનુસાર આ સાલે મર્યાદિત પાણી ઉપલબ્ધ હોઇ, નર્મદા યોજનામાં હાલ સંગ્રહ થયેલ પાણીનો ઉપયોગ રાજયના કરોડો નાગરિકોને પીવાનું પાણી પુરુ પાડવામાં આવતું હોઇ, આ નિર્ણય કરાયો છે. સરદાર સરોવર બંધના પાણીનો ઉપયોગ નર્મદા કમાન્ડ વિસ્તામરાં ચોમાસુ, શિયાળુ પાક માટે પુરુ પાડવામાં આવે છે. આ વર્ષે નર્મદા સ્ત્રાવ ક્ષેત્રમાં આવેલ બંધોમાં પાણીનો સંગ્રહ ૪૫ ટકા ઓછો હોવાને કારણે નવીદિલ્હી ખાતે નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની ૧૦-૦૧-૨૦૧૮ના રોજ મળેલ મિટિંગમાં ગુજરાત અને મધ્યપ્રદેશના બંધોમાં પાણી ઓછું હોવાથી દરેક રાજયને ફળવાતુ પાણીમાં કાપ મુકવામાં આવ્યો છે જેના કારણે ગુજરાતને સામાન્ય સંજોગોમાં મળવાપાત્ર નવ મિલિયન એકર ફિટની સામે માત્ર ૪.૭૧ મિલિયન એકર ફીટ પાણી ફાળવવામાં આવ્યું છે જેને ધ્યાનમે લઇ ગુજરાતમાં પણ નર્મદાનું પાણી બચત કરવાની ફરજ પડી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યારે નર્મદા કમાન્ડ વિસ્તારમાં શિયાળુ પાક માટે જે પાણી આપવામાં આવે છે તે ૧૫-૩-૨૦૧૮ સુધી આપવામાં આવશે. ત્યારબાદ નર્મદા કમાન્ડ વિસ્તારમાં નર્મદાની કેનાલમાં કે અન્ય કોઇ કમાન્ડમાં નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવામાં આવશે નહીં જેથી દરેક ખેડૂતભાઈઓને વિનંતી કે, ઉનાળુ પાકનું વાવેતર નર્મદા આધારિત કરવું નહીં જે ખેડૂતભાઈઓ પાસે અન્ય વિકલ્પો ઉપલબ્ધ હોય તો તેઓ ઉનાળુ વાવેતર કરી શકશે.

### ડોલર સામે રૂપિયો ૬૩.૬૪ની સપાટી ઉપર રહ્યો

# ડોલરની સામે રૂપિયામાં ફરી એકવાર મજબૂત સ્થિતિ રહી

મુંબઇ,તા. ૧૨

ડોલરની સામે રૂપિયામાં આજે મજબુતી જોવા મળી હતી. ચાવીરૂપ માઇક્રો ઇકોનોમિક ડેટા જારી કરવામાં આવે તે પહેલા જ અમેરિકી ડોલરની સામે રૂપિયામાં તેજી રહેતા કારોબારી ખુશ દેખાયા હતા. રૂપિયો આજે ગુરૂવારના ૬૩.૬૭ની સામે આજે ૦.૦૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. ડોલરની સામે રૂપિયો ૬૪.૬૪ની સપાટી પર રહ્યો હતો. રૂપિયો સવારે ૬૩.૬૭ની સપાટી પર ખુલ્યો હતો. ત્યારબાદ ક્રમશ હાઇ અને લો સપાટી ૬૩.૪૮ અને ૬૩.૭૨ રહી હતી. આ વર્ષે હજુ સુધી રૂપિયા ૦.૪ ટકાનો ઉછાળો મેળવી લીધો છે જયારે વિદેશી રોકાણકારોએ ઇક્વિટી અને બોન્ડમાં ક્રમશઃ ૩૪૧.૩૦ અને ૩૩૩.૯૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. વર્ષ ૨૦૧૭માં રૂપિયામાં ૬.૩૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો જયારે સેંસેક્સમાં ૨૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઇક્વિટી અને ડેબ્ટમાં ક્રમશઃ ૭.૭૩ અબજ ડોલર અને ૨૩.૨૭ અબજ ડોલરનું રોકાણ કર્યં હતું. એશિયન કરન્સીમાં આજે તેજી રહી હતી. કારણ કે ડોલરમાં કડાકો બોલ્યો હતો. યુરોપિયન સેન્ટ્રલ બેંક તરફથી સંકેત આપવામાં આવ્યા બાદ ડોલરમાં ઘટાડો થયો હતો. જાપાની યેનમાં ૦.૨૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આઈઆઈપીના આંકડા જારી કરવામાં આવે તે પહેલા રૂપિયામાં મજબૂતી રહી હતી. આજે કારોબાર દરમિયાન શેરબજારમાં તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૮૯ પોઇન્ટ ઉછળીને ૩૪૫૯૨ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જયારે નિફ્ટી ૩૦ પોઇન્ટ ઉછળીને ૧૦૬૮૧ની ઉંચી સપાટી પર બંધ રહ્યો હતો. આજે શેરબજારમાં તેજી માટે કેટલાક કારણો રહ્યા હતા.

### હવામાન વિભાગનો ૧૫મીએ સ્થાપના દિવસ

# અમદાવાદ સહિત ગુજરાતમાં તાપમાનમાં થયેલો વધુ વધારો

## આગામી બે દિવસ લઘુત્તમ તાપમાન વધવાની સંભાવના

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ સહિત રાજયભરમાં ગરમીનું પ્રમાણ જોવા મળ્યું છે. એકાએક ઠંડી ગાયબ થઇ રહી છે. લઘુત્તમ તાપમાનમાં સતત વધારો થઇ રહ્યો છે. આજે અમદાવાદમાં પારો ૧૬.૩ સુધી પહોંચી ગયો હતો. ઉત્તરાયણના દિવસે પણ ઠંડી નહી રહે તેમ માનવામાં આવે છે. ધીમીગતિએ ગરમીની શરૂઆત થઇ રહી હોવાનું પણ લોકો માની રહ્યા છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૬ની આસપાસ રહેશે. અમદાવાદ શહેરમાં ગઇકાલે ૧૩.૮ ડિગ્રીની સરખામણીમાં ૧૬.૩ ડિગ્રી રહ્યું હતું. જયારે પાટનગર ગાંધીનગરમાં ગઇકાલના ૧૩.૮ ડિગ્રી તાપમાનની સામે આજે ૧૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. નલિયામાં આજે પારો ગઇકાલની સરખામણીમાં ઘટ્યો હતો અને તાપમાન ૧૫.૮ ડિગ્રી નોંધાયું હતું. અન્ય મોટાભાગના વિસ્તારોમાં આજે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો જેથી લોકોને તીવ્ર ઠંડીથી રાહત મળી હતી. અમદાવાદ આવતીકાલે લઘુત્તમ તાપમાન હજુ વધુ વધીને ૧૬ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઇ મોટા ફેરફાર નહીં થાય. રાહતની બાબત એ પણ છે કે, કોલ્ડવેવ માટેની કોઇ ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી નથી. સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, પૂર્વીય અફઘાનિસ્તાનની સાથે પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાવા પામ્યુ છે. આ ઉપરાંત ગુજરાત ઉપર અપરએર સાઈક્લોનિક સિસ્ટમ સર્જાતા ઠંડીના પ્રમાણમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોની હાલત સૌથી કફોડી જોવા મળી રહી છે. મળેલી માહિતી મુજબ જાણકાર લોકોનું કહેવું છે કે, ઉત્તરાયણ સુધી હજુ ઠંડીનો અનુભવ લોકોને થઇ શકે છે. સામાન્યરીતે નીચલી સપાટી ઉપર હાલ પવન ફુંકાઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની કોઇ આગાહી કરવામાં આવી નથી. આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી લોકો વહેતા શીત પવનોની સાથે કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે ત્યારે રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન આજે એકાએક વધ્યું હતું. રાજયમાં ઉંમરલાયક વૃધ્ધોની સાથે બાળકો અને શ્વાસને લગતી વિવિધ બીમારીનો શિકાર એવા લોકો માટે વહેતા થતા ઠંડા પવનોને કારણે મુસીબતમાં વધારો થવા પામ્યો છે. હાલમાં ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આની સાથે જ ગરમ વસ્ત્ર બજારમાં પણ જોરદાર તેજી આવી ગઈ છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. હવામાન વિભાગના ૧૫મી જાન્યુઆરી ૧૪૩માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.

### લીકેજ સિલિન્ડરો રસોડા સુધી ના પહોંચવા જોઇએ

# વરદાન ટાવરની ગેસ લીકેજની દુર્ઘટના બાદથી ઘેરા પ્રત્યાઘાત

## ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે મુખ્યમંત્રી, પુરવઠાપ્રધાનને આવેદનપત્ર પાઠવી માંગ કરી

અમદાવાદ,તા.૧૦

શહેરના નારણપુરા વિસ્તારમાં વરદાન ટાવરની કરિયાણાની દુકાનમાં તાજેતરમાં ગેસલીકેજના કારણે લાગેલી ભયંક આગમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોતની ઘટનાને પગલે ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ગેસ લીકેજની અવારનવાર બનતી ઘટનાઓ અને એલપીજી ગ્રાહકો સાથે થતી છેતરપીંડી અટકાવવા અને ગ્રાહકોની ખાસ કરીને મહિલાઓ-ગૃહિણીઓની સુરક્ષા માટે કોઇપણ સંજોગોમાં લીકેજ એલપીજી સિલિન્ડરો ગ્રાહકોના રસોડા સુધી ના પહોંચે તેવું અસરકારક વ્યવસ્થાતંત્ર ઉભુ કરવા ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ઉગ્ર માંગણી કરી છે. સમિતિના પ્રમુખ મુકેશ પરીખે અત્યારસુધીમાં ગેસ લીકેજ કે ગેસનો બાટલો ફાટવા સહિતની કેટલીક ગંભીર દુર્ઘટનાઓને ટાંકીને રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને પુરવઠા પ્રધાન જયેશ રાદડિયાને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવ્યું હતું અને ગ્રાહકોની ખાસ કરીને મહિલાઓ-ગૃહિણીઓની સુરક્ષા અને સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્યતા આપવા માંગણી કરી હતી. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે વધુમાં જણાવ્યું હતું કે, ગેસ લીકેજની ફરિયાદોમાં સતત વધારો થઇ રહ્યો છે, વર્ષેદહાડે સરેરાશ દસ હજારથી વધુ ફરિયાદો આવે છે. ખાસ કરીને શિયાળામાં ફરિયાદોનું પ્રમાણ ૪૦૦ ટકા વધી જાય છે. ગ્રાહકોએ ગેસ લીકેજની ફરિયાદ માટે તાત્કાલિક ૧૯૦૬ નંબર પર ફરિયાદ કરવાનું જણાવાય છે પરંતુ આ નંબર લાગતો નથી અથવા તો એન્ગેજ આવે છે. ગ્રાહકોના રસોડા સુધી કોઇપણ સંજોગોમાં લીકેજ એલપીજી સિલિન્ડર ના પહોંચે તે જોવાની ઓઇલ કંપનીઓ, ગેસ એજન્સીઓ અને સરકારી તંત્રની જોવાની ફરજ છે. ઓઇલ કંપનીઓના બોટલીંગ-રીફીલ પ્લાન્ટમાંથી આડેધડ લીકેજ બાટલા ગેસ એજન્સી સુધી પહોંચે છે અને ત્યારબાદ ત્યાંથી હોમડિલીવરી દ્વારા સીધા ગ્રાહકોના ઘેર પહોંચાડાય છે પરંતુ તે દરમ્યાન સુરક્ષા કે સલામતીના કોઇ ધારાધોરણોની ચકાસણી કે મોનીટરીગ થતું નથી. એલપીજી સિલિન્ડરમાં ગેસ લીકેજ નહી હોવાનું ચેક-ટેસ્ટીંગ કરીને લીકપ્રુફ બાટલા પહોંચાડવા-ડિલીવરી કરવાના સરકારી પરિપત્રનો પણ કોઇ અમલ જ થતો નથી. ખુદ સરકારી તંત્ર અને સરકારના સત્તાવાળાઓ આ સમગ્ર મામલે ગંભીર ઉદાસીનતા દાખવી રહ્યા છે અને તેના પરિણામ સ્વરૂપ નિર્દોષ લોકોએ તેમના જીવ ખોવાનો વારો આવે છે.આ સંજોગોમાં એલપીજી ગ્રાહકો સાથે થતી છેતરપીંડી અટકાવવા અને ગ્રાહકોની સુરક્ષા-સલામતી માટે ગ્રાહક જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં ગેસ એજન્સીઓ સહિતના જાહેર સ્થળોએ લોકજાગૃતિ માટે સંદેશાત્મક પત્રિકાઓ અને પોસ્ટરો લગાવવામાં આવશે.

### સેંસેક્સે પ્રથમવાર રેકોર્ડ ઉંચી સપાટી હાસલ કરી

# સેંસેક્સ ૮૯ પોઇન્ટ ઉછળી ૩૪,૫૯૨ની સપાટી ઉપર

## આઈસીઆઈસીઆઈ બેંક,ઓએનજીસી જેવા બ્લુચીપના નેતૃત્વમાં તેજી વચ્ચે નિફ્ટી ૧૦૬૫૦ની સપાટી કુદાવી

મુંબઇ,તા. ૧૨

શેરબજારમાં આજે પણ તેજી જારી રહી હતી.કારોબારના અંતે સેંસેક્સ ૮૯ પોઇન્ટ ઉછળીને ૩૪૫૯૨ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જયારે નિફ્ટી ૩૦ પોઇન્ટ ઉછળીને ૧૦૬૮૧ની ઉંચી સપાટી પર બંધ રહ્યો હતો. આજે શેરબજારમાં તેજી માટે કેટલાક કારણો રહ્યા હતા. જેથી આશા દેખાઇ રહી છે. બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં નજીવો ઉછાળો રહ્યો હોવા છતાં નવી ઉંચી સપાટી જોવા મળી હતી. નિફ્ટીએ ૧૦૬૫૦ની સપાટીને કુદાવી લીધી હતી. આઇસીઇસીઆઇ બેંક અને ઓએનજીસી જેવા બ્લુ ચીપ શેરમાં તેજી રહી હતી. જો કે રોકાણકારો સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા જાહેરમાં નિવેદન કરીને વાંધો ઉઠાવ્યા બાદ ચિંતાતુર રહ્યા હતા. એશિયન બજારમાં પણ હાલમાં ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે. તેલ કિંમતોમાં સુધારો થઇ રહ્યો છે. તેલ કિંમતોમાં વધારો થતા તેની ચિંતા પણ દેખાઇ રહી છે. યુરોપિયન સેન્ટ્રલ બેંકે વ્યાપક સ્ટીમ્યુલસ પેકેજનો સંકેત આપ્યા બાદ યુરોપના દેશમાં પણ સ્થિતી સારી જોવા મળી રહી છે. અમેરિકી કમાણીના આંકડા પણ આશા જગાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ઇતિહાસ માટે આજે નિરાશાજનક દિવસ રહેતા તેની ચર્ચા કારોબારીઓમાં પણ જોવા મળી હતી. ગઇકાલે ગુરૂવારના દિવસે સેંસેક્સે ઇતિહાસમાં પ્રથમ વખત ૩૪૫૦૦ની સપાટ કુદાવી લીધી હતી. રોકાણકારો આ સપ્તાહમાં જારી કરવામાં આવનાર કોર્પોરેટ કમાણીના આંકડાને લઇને આશાવાદી બનેલા છે. સાથે સાથે પહેલી ફેબ્રુઆરીના દિવસે જારી કરવામાં આવનાર સામાન્ય બજેટને લઇને પણ આશાવાદી બનેલા છે.ગુરૂવારે કારોબારના અંતે સેંસેક્સ ૭૦ પોઇન્ટ ઉછળીને ૩૪૫૦૩ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જયારે નિફ્ટી ૧૯ પોઇન્ટ ઉછળીને ૧૦૬૫૧ની સપાટી પર રહ્યો હતો. કોર્પોરેટ કમાણીના આંકડા વચ્ચે શેરબજારમાં આશા દેખાઇ રહી છે. આ સપ્તાહમાં જ ચાવીરૂપ કોર્પોરેટ કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે. શેરબજારમાં પ્રવાહી સ્થિતી વચ્ચે હવે બજેટ પર પણ નજર કેન્દ્રિત થઇ ગઇ છે. કારણ કે બજેટને લઇને કેટલાક લોકલક્ષી પગલાની અપેક્ષા કારોબારીઓ રાખી રહ્યા છે. હાલમાં કોઇ જંગી રોકાણ ન કરાય તેવી વકી છે.




એનઆઇડી પાસે રિવરફ્રન્ટ ઉપર જીએસટીને દૂર કરવાને લઇને પતંગ સાથે દેખાવો કરવામાં આવ્યા હતા.

### દેશમાં સૌપ્રથમ કોમર્સ ટેલેન્ટ સર્ચ ટેસ્ટનું આયોજન

# કોમર્સ વીઝાર્ડ-૨૦૧૭ રાષ્ટ્રીય ટેલેન્ટ સર્ચ ટેસ્ટને લઇ ઉત્સાહ

## ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત આ ટેસ્ટમાં ૧૯મી સુધી રજિસ્ટ્રેશન થઇ શકશે

અમદાવાદ,તા.૧૨

ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા દેશભરમાં સૌપ્રથમવાર વિદ્યાર્થીઓમાં કોમર્સ વિષયને લોકપ્રિય બનાવવા અને વ્યવહારિક અને વૈચારિક અભિગમ સાથે વિદ્યાર્થીની આંતરિક પ્રતિભા અને કૌશલ્ય નિખારવાના ઉમદા આશયથી આઇસીએઆઇના બીઓએસ હેઠળ આઇસીએઆઇ કોમર્સ વિઝાર્ડ-૨૦૧૭ કોમર્સ ટેલેન્ટ સર્ચ ટેસ્ટનું આયોજન કરાયું છે. જેમાં તા.૨૧મી જાન્યુઆરીએ લેવલ-૧ની ઓનલાઇન પરીક્ષા અને તા.૨૮મી જાન્યુઆરીએ લેવલ-૨ની પરીક્ષા લેવામાં આવશે. ગુજરાત સહિત દેશભરમાંથી ધોરણ-૧૦,૧૧, ૧૨ અને બી.કોમ, બીબીએ, બીએમએમસ અને સંલગ્ન વિષયોની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં ભાગ લઇ શકશે એમ અત્રે આઇસીએઆઇની ડબલ્યુઆઇઆરસીની અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ ચિંતન પટેલ અને સેક્રેટરી સીએ ગણેશ નડારે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશભરમાંથી ઉપરોકત વિદ્યાર્થીઓ-ઉમેદવારો આઇસીડબલ્યુ.આસીએઆઇ.ઓઆરજી વેબસાઇટ મારફતે તા.૧૯મી જાન્યુઆરી સુધીમાં પોતાનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આઇસીએઆઇની ડબલ્યુઆઇઆરસીની અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ ચિંતન પટેલ અને સેક્રેટરી સીએ ગણેશ નડારે વધુમાં જણાવ્યું હતું કે, આ ટેસ્ટમાં ફર્સ્ટ રેન્ક હોલ્ડરને આઇસીએઆઇ દ્વારા રૂ.૭૫ હજારનું ઇનામ અપાશે, સેકન્ડ રેન્ક હોલ્ડરને રૂ.૫૦ હજાર અને થર્ડ રેન્ક હોલ્ડરને રૂ.૨૫ હજારનું ઇનામ એનાયત કરાશે. આ સિવાય ૨૫૦ ઉમેદવારોને પ્રત્યેકને રૂ.૫૦૦નું કોન્સોલેશન પ્રાઇઝ આપવામાં આવશે. ઉપરાંત, ટેસ્ટમાં ભાગ લેનાર તમામ ઉમેદવારોને આઇસીએઆઇનું અપ્રીસીએશન સર્ટિફિકેટ એનાયત પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, શૈક્ષણિક જીવનમાં ગોખેલુ જ્ઞાન જીવનમાં કામમાં નથી આવતું, તેથી વિદ્યાર્થીઓને તેના જીવનમાં ભવિષ્યમાં ઉપયોગી થઇ શકે અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તેની હિંમત ખુલે અને તેનું કૌશલ્ય વિકસી શકે તેવા ઉમદા આશય સાથે આ ટેલેન્ટ સર્ચ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. લેવલ-૧ની પરીક્ષા ઘેરબેઠા ઓનલાઇન આપી શકાશે, જે ૧૦૦ માર્કસની હશે અને ૭૫ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. જયારે લેવલ-૨ની પરીક્ષા પહેલા લેવલમાંથી પસંદ થયેલા ઉમેદવારો જ આપી શકશે. મેનેજમેન્ટ કમીટી દ્વારા નિશ્ચિત કરાયેલ કેન્દ્રો પરથી તે ઓનલાઇન લેવાશે. ઓબ્જેકટીવ પ્રકારના ૧૦૦ પ્રશ્નો સાથે ૧૦૦ માર્કસની આ પરીક્ષા ૯૦ મિનિટમાં ઉમેદવારોએ પૂર્ણ કરવાની રહેશે. આ બંને પરીક્ષા માત્ર અંગ્રેજી ભાષામાં જ લેવાશે. સીએ ચિંતન પટેલે એક મહત્વના મુદ્દા પર ધ્યાન દોર્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાની આ કોમર્સ ટેલેન્ટ સર્ચ ટેસ્ટમાં કોઇ શાળા કે શિક્ષણ સંસ્થા પણ તેના વિદ્યાર્થીઓ કે ઉમેદવારોના ગ્રુપનું રજિસ્ટ્રેશન કરાવી શકશે, તે ઓપ્શન પણ વેબસાઇટ પર અપાયું છે. ગુજરાત સહિત દેશભરના વિદ્યાર્થીઓ માટે આ બહુ પ્રતિષ્ઠિત ટેસ્ટમાં ભાગ લેવાની બહુ ઉમદા તક આઇસીએઆઇ દ્વારા પૂરી પાડવામાં આવી છે, જેનો મહત્તમ વિદ્યાર્થીઓએ લાભ લેવો જોઇએ.

### રાજપૂત કરણી સેના દ્વારા જનતા કરફયુનું એલાન

# ગુજરાતમાં વિવાદિત પદ્માવત રિલીઝ નહી જ થાય : રૂપાણી

## વિધાનસભા ચૂંટણી પહેલાં પદ્માવત ફિલ્મ પર લગાવાયેલો પ્રતિબંધ યથાવત્ રહેશે : મુખ્યપ્રધાન રૂપાણી દ્વારા ખાતરી

અમદાવાદ,તા.૧૨

સંજય લીલા ભણશાલીની બહુચર્ચિત અને વિવાદીત ફિલ્મ પદ્માવત તા.૨૫મી જાન્યુઆરીએ રિલીઝ થવાની અટકળો ચાલી રહી છે ત્યારે શ્રી રાજપૂત કરણી સેનાએ ગુજરાત સહિત દેશભરમાં ફિલ્મ રિલીઝ નહી કરવા સાફ ચીમકી આપી છે અને જનતા કરફયુનું એલાન આપ્યું છે. બીજીબાજુ, રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાત રાજયમાં વિવાદીત પદ્માવત ફિલ્મ રિલીઝ કરવા દેવામાં નહી આવે. વિધાનસભા ચૂંટણી પહેલાં ગત નવેમ્બર માસમાં રાજય સરકાર દ્વારા આ ફિલ્મની રિલીઝ પર જે પ્રતિબંધ મૂકાયો હતો, તે યથાવત્ રહેશે. પદ્માવત ફિલ્મના રાજપૂત સમાજના ઉગ્ર વિરોધ વચ્ચે ગુજરાત સરકારે તેનું વલણ સ્પષ્ટ કરી દેતાં શ્રી રાજપૂત કરણી સેનાને ગુજરાત પૂરતી બહુ મોટી રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે, દિપીકા પાદુકોણ, શાહીદ કપૂર અને રણવીરસિંહ સ્ટારર ફિલ્મ પદ્માવતી ભારે વિવાદ અને ઉહોપોહ બાદ પદ્માવત અને કેટલાક સુધારા બાદ તા.૨૫મી જાન્યુઆરીએ રિલીઝ થવાની અટકળો ચાલી રહી હતી ત્યારે આજે શ્રી રાજપૂત કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્રસિંહ કાલવી અને રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણાએ જણાવ્યું હતું કે, દેવી સમાન રાણી પદ્માવતીના ઇતિહાસ સાથે છેડછાડ કરી તેને તોડી મરોડીને આ પ્રકારે ફિલ્મ બનાવી તેના થકી આવક ઉભી કરવાનું કૃત્ય રાજપૂત સમાજ કોઇપણ સંજોગોમાં સાંખી નહી લે. રાજપૂત સમાજે અત્યારસુધી સંપૂર્ણ અનુશાસનતા વચ્ચે ફિલ્મનો વિરોધ કરી ગુજરાત સહિત દેશભરમાં તેની રિલીઝ નહી કરવા માંગણી કરી છે અને આજે પણ એ જ માંગણીનો પુનરોચ્ચાર કરે છે. શ્રી રાજપૂત કરણી સેના દ્વારા દેશની તમામ જનતાને જાહેર અપીલ કરી જનતા કરફયુનું એલાન કરવામાં આવે છે અને કોઇપણ સંજોગોમાં ફિલ્મની રિલીઝ પ્રતિબંધિત કરવા ફરી એકવાર ઉગ્ર માંગણી કરે છે. દેશના આઠ રાજયોમાં આ ફિલ્મના રિલીઝ પર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. તેમણે ઉમેર્યું કે, માત્ર નામ બદલવાથી કે તેમાં ફેરફાર કરવા માત્રથી અમર ઇતિહાસ બદલાઇ જવાનો નથી. અમે કોઇપણ રીતે ફિલ્મને રિલીઝ નહી થવા દેવા મક્કમ છીએ.

ચેલેન્જર
DATE : 13/01/2018, SATURDAY (4)
અમદાવાદ - ગાંધીનગર આવૃત્તિ
: અમદાવાદ બ્યુરો ઓફિસ :
અંબિકા ઓફસેટ, પ્લોટ નં.૨૫, સાંઈબાબા મંદિરની બાજુમાં,બંગ્લો એરિયા,કુબેરનગર, અમદાવાદ - વોટ્સએપ : ૯૪૨૮૯૯૯૩૦૬
: ગાંધીનગર કાર્યાલય :
પ્લોટ નં. ૩૪૩/૨, બ્લોક - સી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
વોટ્સએપ : ૯૪૨૭૫૬૧૧૮૦



ગાંધીનગર રોડ પર કોબા ચાર રસ્તા પાસે હાલમાં જ પકડવામાં આવેલા વિદેશી દારુના જંગી જથ્થાને નષ્ટ કરવામાં આવ્યો હતો.

### સંચાલકો વિરૂધ્ધ તાત્કાલિક પગલાં લેવા માંગણી

# વાલીમંડળના શાળા બંધના એલાનને મિશ્ર જ પ્રતિસાદ

## વાલીઓના દેખાવો : કેટલાક વાલીમંડળ એલાનમાં નહી જોડાતાં અમુક સ્કૂલો ચાલુ : વાલીઓ બેનરો સાથે જોડાયા

અમદાવાદ,તા.૧૨

રાજય સરકારના ખાનગી સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદાને ગુજરાત હાઈકોર્ટે બહાલ રાખ્યા બાદ અને તેની પર મંજૂરીની મ્હોર મારી દીધા છતાં અમદાવાદ સહિત રાજયના શાળા સંચાલકો દ્વારા મનસ્વી રીતે વાલીઓ પાસેથી ફીની વસૂલાત અને થઇ રહેલા બ્લેકમેઈલીંગના વિરોધમાં અમદાવાદ સહિત રાજયભરના વિવિધ વાલીમંડળો દ્વારા આજે રાજયભરની શાળા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જો કે, વાલીમંડળના શાળા બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. શાળા બંધના મિશ્ર પ્રતિસાદના કારણે ગુજરાતભરની મોટાભાગની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ખોરવાયું હતું. વાલીઓએ હાથમાં બેનરો, પ્લેકાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને ફીની પઠાણી ઉઘરાણી કરતાં શાળા સંચાલકો વિરૂધ્ધ તાત્કાલિક પગલાં લેવા પણ સરકાર સમક્ષ માંગણી કરી હતી. તો, સરકારે વાલીમંડળોના બંધના એલાનને બેજવાબદાર ગણાવ્યું હતું. બીજીબાજુ, કેટલાક વાલીમંડળ બંધના એલાનમાં નહી જોડાતાં અમુક સ્કૂલો ચાલુ રહી હતી. કેટલાક વાલીમંડળે હાલ રાજયની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની ઈન્ટર્નલ પરીક્ષાઓ ચાલતી હોઇ બંધના એલાનનો વિરોધ કર્યો હતો કારણ કે, તેનાથી વિદ્યાર્થીના શિક્ષણ પર અસર પડવાની દહેશત વ્યકત કરી હતી. આમ, ગુજરાતના વાલીમંડળોમાં એક રીતે જોવા જઇએ તો, આંતરિક વિખવાદ સામે આવ્યો હતો અને તેના કારણે આજે બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. તો કેટલીક જગ્યાએ તો બંધની આંશિક અસર જોવા મળી હતી. ખાનગી અને સ્વનિર્ભર શાળા સંચાલકોની દાદાગીરી છતાં રાજય સરકાર તેમની વિરૂધ્ધ કોઇ પગલાં નહી લેવાતાં અને શાળા સંચાલકોની સરમુખત્યારશાહીના વિરોધમાં આવતીકાલે અમદાવાદ, વડોદરા, સુરત સહિતના વિવિધ વાલીમંડળો દ્વારા આજે રાજયભરની શાળા બંધનું એલાન અપાયું હતુ. વાલીમંડળના અગ્રણીઓ વાલીઓને ખૂબ મોટી સંખ્યામાં સાથે રાખી રાજયની જુદી જુદી શાળાઓ પર બેનરો, પ્લેકાર્ડ લઇને ઉમટયા હતા અને ઉગ્ર દેખાવો અને સૂત્રોચ્ચાર યોજીને શાળા સંચાલકોની દાદાગીરી અને મનસ્વી રીતે ઉંચી ફી ઉઘરાવવાની લૂંટ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. પૂર્વના કેટલાક વિસ્તારો તેમ જ મેમનગર, ઘાટલોડિયા સહિતના કેટલાક વિસ્તારોમાં વાલીમંડળોએ સ્કૂલો ચાલુ રહેતાં શાળાઓ બંધ કરાવી હતી. તો કેટલાક સ્થળોએ વાલીમંડળના આગેવાનો અને શાળા મેનેજમેન્ટ વચ્ચે શાળા બંધ કરાવવવા મુદ્દે ચકમક ઝરી હતી અને ઘર્ષણના બનાવો પણ સામે આવ્યા હતા. વાલીઓએ જણાવ્યું હતું કે, રાજયની કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ત્રણ કવાર્ટરની ફી ઉઘરાવી લીધી છે, તો કેટલીક શાળાઓએ આખા વર્ષની ફી ઉઘરાવી લીધી છે. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ પણ શાળા સંચાલકોને તેને માનતા નથી અને કાયદાકીય ગૂંચ ઉભી કરી પ્રક્રિયાનો દૂરપયોગ કરી રહ્યા છે. છતાં રાજય સરકાર દ્વારા આવા શાળા સંચાલકો વિરૂધ્ધ કોઇ પગલાં લેવાતા નથી કે આવા શાળા સંચાલકો વાલીઓની વારંવારની માંગણી છતાં ગેરકાયેદ રીતે ઉઘરાવેલી ફી પાછી આપતા નથી. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં આશરે પાંચ હજારથી વધુ શાળાઓ છે, જયારે રાજયભરમાં અંદાજે ૪૦ હજારથી વધુ શાળાઓ આવેલી છે ત્યારે આજે વિવિધ વાલીમંડળોના એલાનને પગલે મોટાભાગની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ખોરવાઇ ગયુ હતું. જે વાલીમંડળો બંધથી અળગા રહ્યા હતા તેવા વિસ્તારોમાં શાળાઓ ચાલુ રહેતાં ત્યાં રાબેતા મુજબ શિક્ષણ કાર્ય હાથ ધરાયું હતું. જો કે, વાલીમંડળોમાં અલગ-અલગ ભાગલા પડી જતાં બંધને સંપૂર્ણ સફળતા મળી શકી ન હતી.



વાલી મંડળ દ્વારા ઘણી સ્કૂલો ઉપર ફી વધારાના વિરોધમાં વાલીઓ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા.

# ૪ ટુ બીએચકેના બદલે વન બીએચકેના ૩ ફલેટ આપ્યા

અમદાવાદ,તા. ૧૨

બી.જે.મેડિકલ કોલેજના નિવૃત્ત પ્રોફેસરને બિલ્ડરે ટુ બીએચકે ચાર ફલેટના બદલે વન બીએચકેના ત્રણ ફલેટ પધરાવી છેતરપીંડી કરતાં ઠગાઇનો ભોગ બનેલા નિવૃત્ત પ્રોફેસરે મહાકાલેશ્વર કન્સ્ટ્રકશનના ડાયરેકટર અને બિલ્ડર એવા અરજણ ઉકાભાઇ સોલંકી વિરૂધ્ધ કાગડાપીઠ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ફરિયાદના આધારે સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, બહેરામપુરા વિસ્તારમાં વિનય વિહાર સોસાયટીમાં રહેતા અને બી.જે. મેડિકલ કોલેજના નિવૃત્ત પ્રોફેસર ડો.શ્યામલભાઇ કાળીદાસભાઇ પુરાણીના ભત્રીજાનું ગત ૨૫-૧-૨૦૧૦ના રોજ મૃત્યુ નીપજતાં તેની અંતિમવિધિ વખતે દાણીલીમડા ગયા હતા ત્યાં તેમની મુલાકાત મહાકાલેશ્વર કન્સ્ટ્રકશનના ડાયરેકટર અને બિલ્ડર અરજણ ઉકાભાઇ સોલંકી થઇ હતી. અરજણભાઇએ બહેરામપુરા કબાડી માર્કેટ સામે દ્વારકેશ નામના ફલેટની સ્કીમ કરી રહ્યા હોવાની વાત શ્યામલભાઇને કરી હતી. દરમ્યાન શ્યામલભાઇએ રૂ.૧૨ લાખ રૂપિયાની કિંમતનો ટુ બીએચકે ફલેટ ખરીદયો હતો અને અરજણભાઇને રૂ.૧૨ લાખનો ચેક આપ્યો હતો. જો કે, તેની કોઇ રિસીપ્ટ અરજણભાઇએ તેમને આપી ન હતી. થોડાક દિવસો પછી અરજણભાઇને ચાર લાખ રૂપિયાની જરૂર હોવાથી તેમણે શ્યામલભાઇ પાસે પૈસા માંગ્યા હતા, જેથી શ્યામલભાઇએ તેમની પુત્રી કેતકીબહેનના નામે બીજો ટુ બીએચકે ફલેટ બુક કરાવ્યો હતો અને ચાર લાખ રૂપિયા તે પેટે તેને આપ્યા હતા અને બાકીના રૂપિયા પઝેશન વખતે આપવાનું નક્કી થયું હતું. એ પછી શ્યામલભાઇએ તેમની બીજી ડોકટર પુત્રી દિપ્તીબહેન માટે પણ ત્રીજો ટુ બીએચકે ફલેટ ખરીદી તે પટે રૂ.૯ લાખ અરજણભાઇને આપ્યા હતા અને છેલ્લા શ્યામલભાઇની ભત્રીજાની વહુ કૈલાસબહેન માટે પણ ૪થો ટુ બીએચકે ફલેટ ખરીદી તે પેટે રૂ.૯.૭૫ લાખ રૂપિયા અરજણભાઇને આપ્યા હતા. આમ, અલગ-અલગ સમયે કુલ ચાર ટુ બીએચકે ફલેટ પેટે શ્યામલભાઇએ બિલ્ડર અરજણભાઇને રૂ.૩૪.૭૫ લાખ આપી દીધા હતા.દરમ્યાન તૈયાર થયેલા ફલેટ જોવા શ્યામલભાઇ તેમની પુત્રીઓ સાથે ગયા તો, સ્કીમ પ્રમાણેના ફલેટ નહી હોવાથી શ્યામલભાઇએ પૈસા પાછા માંગ્યા હતા, જેથી બિલ્ડર અરજણભાઇએ થોડાક સમય બાદ શ્યામલભાઇને ટુ બીએચકે અને બાકીના ત્રણ કિસ્સામાં વન બીએચકેના ફલેટનું એલોટમેન્ટ કર્યું હતું.

# રાષ્ટ્રપતિ કોવિંદની ગુજરાત યાત્રાને લઈ તૈયારીઓ શરૂ

ગાંધીનગર, તા.૧૨

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૨૧મી જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. કોવિંદની ગુજરાત યાત્રાને લઇને તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. રામનાથ કોવિંદ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વોકેશન કાર્યક્રમમાં હાજરી આપનાર છે. રાષ્ટ્રપતિ એમએસ યુનિવર્સિટી વડોદરાના કન્વોકેશન કાર્યક્રમમાં પણ ભાગ લેશે. આ કાર્યક્રમ ૨૨મી જાન્યુઆરીના દિવસે યોજાશે. ૨૩મી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રપતિ રાજકોટ નજીક ગોંડલમાં સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત કાર્યક્રમમાં પણ વિશેષરીતે હાજરી આપશે. રાજકોટથી તેઓ નવી દિલ્હી પરત ફરશે. ગુજરાતમાં ત્રણ દિવસના રોકાણ દરમિયાન તેઓ સરકારના જુદા જુદા અન્ય કાર્યક્રમોમાં પણ હાજરી આપશે. વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, રાજ્ય સરકારે રાષ્ટ્રપતિની ઓફિસ સાથે વાતચીત કરીને તેમના કાર્યક્રમની અંતિમ રુપરેખા હજુ સુધી તૈયાર કરી નથી. રાષ્ટ્રપતિ બન્યા બાદ કોવિંદ અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં આવ્યા હતા. આ ઉપરાંત ત્રીજી સપ્ટેમ્બર ૨૦૧૭ના દિવસે જૈન સમુદાયના એક કાર્યક્રમમાં મહેસાણામાં પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના (સૌની) તબક્કા-૨ની આધારશીલા પણ મૂકી હતી. રાષ્ટ્રપતિએ ઓક્ટોબર ૨૦૧૭માં પણ ગુજરાતની મુલાકાત લીધી હતી. તે વખતે તેમના જન્મસ્થળ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. કિર્તી મંદિર ખાતે પોરબંદરમાં પહોંચ્યા હતા. મોડેથી તેઓએ ગુજરાત સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી. તેઓએ ગીર સોમનાથ જિલ્લાની મુલાકાત પણ લીધી હતી. ગુજરાતની તેઓ ત્રીજી વખત સત્તાવાર યાત્રાએ પહોંચી રહ્યા છે. તેમને લઇને તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.



સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# દેશનું દ્વિતીય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન સોલાપુરમાં યોજાશે

અમદાવાદ, તા.૧૨

દેશનું દ્વિતીય આંતરરાષ્ટ્રીય યુનિફોર્મ ગારમેન્ટ અને હોમ ટેક્ષ્ટાઇલ મેન્યુફેક્ચર્સ ફેર-૨૦૧૮નું આ વખતે સોલાપુરમાં તા.૨૭થી ૨૯ જાન્યુઆરી દરમ્યાન ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ટેક્ષ્ટાઇલ મંત્રાલયના સહયોગથી યોજાનારા આ ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કક્ષાના એકઝીબીશનમાં દેશભરમાંથી દસ હજારથી વધુ રિટેઇલરો ભાગ લેવા આવવાના છે. તો, આંતરરાષ્ટ્રીય કક્ષાની ૧૫૦થી વધુ બ્રાન્ડ આ મેળાવડામાં રજૂ થશે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ પ્રદર્શનમાં ખરીદદારો-ગ્રાહકોને ગારમેન્ટ્સ ઉદ્યોગમાં પ્રવર્તમાન અને ભાવિ પેટર્ન્સ અને પ્રવાહો પર નજર ફેરવવાની ઉમદા તક પ્રાપ્ય બનશે. આ ભવ્ય મેળાવડા પાછળનો હેતુ ૨૦૨૨ સુધીમાં સોલાપુરમાં ઓછામાં ઓછા નવા ૨૦૦૦થી વધુ એકમો ઉભા કરવાનો છે. સોલાપુર ગારમેન્ટ મેન્યુફેકચર્સ એસોસીએશનના જોઇન્ટ સેક્રેટરી અમિતકુમાર જૈને જણાવ્યું હતું કે, સોલાપુર સમગ્ર દેશ માટે યુનિફોર્મનું પુરવઠાકાર બનવાની સંભાવના ધરાવે છે.ભારતમાં યુનિફોર્મ ઉત્પાદન ઉદ્યોગ એકત્રિત વોલ્યુમ રૂ.૧૮ હજાર કરોડનું છે. જેમાંથી રૂ. દસ હજાર કરોડ ઉત્પાદન ઉદ્યોગ દ્વારા પહોંચી વળાય છે. જો કે, આશરે રૂ.૮૦૦૦ કરોડનું ઉત્પાદન સીધા સ્વરૂપમાં સ્થાનિક સ્કૂલોને પૂરું પડાય છે. જે સ્થાનિક રિટેઇલરો અને સંસ્થા દ્વારા સ્થાનિક દરજીઓ પાસેથી સીવડાવવામાં આવે છે, જેને લઇ ઘણીવાર ભારે અસુવિધા સર્જાય છે. સોલાપુરમાં સ્કૂલ યુનિફોર્મ, કિડસ ગારમેન્ટ્સ, જેન્ટસ અને લેડીઝ ડ્રેસીસની ભરપૂર માંગણી જોવા મળી રહી છે. સોલાપુર રેલ અને રસ્તાના નેટવર્ક થકી દેશના બાકીના ભાગો સાથે સારી રીતે જોડાયેલુ છે અને તેથી રાજયમાં ગારમેન્ટ ઉદ્યોગો સ્થાપવા માટે ભાવિ રોકાણનું ઉમદા સ્થળ મનાઇ રહ્યું છે. આ આંતરરાષ્ટ્રી પ્રદર્શનનો હેતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગારમન્ટ ઉત્પાદકોને ગારમેન્ટ ઉદ્યોગ માટે આ પ્રદેશમાં રોકાણ કરવા આમંત્રણ આપવાનો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાના આ મેળામાં સ્કૂલ બેગ, ટ્રાવેલ બેગ, બેલ્ટ, ટાઇ સહિતની અનેકવિધ વેરાઇટી અને પેટર્ન્સ પણ પ્રદર્શિત કરાશે. સોલાપુર ગારમેન્ટ ઉદ્યોગની સંભાવના અને વિપુલ તકો જોતાં મફતલાલ ઈન્ડસ્ટ્રીઝે પણ યુનિફોર્મ ગારમેન્ટ ઉત્પાદન એકમ ત્યાં શરૂ કર્યું છે. ગારમેન્ટ્સ ઉદ્યોગની ભાવિ ટેકનોલોજી વિશે પણ પ્રદર્શનમાં મહત્વની જાણકારી ઉપલબ્ધ બનાવવામાં આવશે કે જેથી મશીનરીક્ષેત્રના ઉત્પાદકો તેનો લાભ લઇ શકે.

# ટ્રાફિક નિયમ ભંગના ઈ-ચલણ મારફતે અપાતા મેમોથી મુક્તિ

અમદાવાદ,તા.૧૨

ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત મહાનગરો તથા ગાંધીનગર, મોરબી અને ભાવનગર સહિત અન્ય શહેરોમાં ટ્રાફિક નિયમનો ભંગ કરનારને ઈ-ચલન મારફત ઈ-મેમો આપવામાંથી મુક્તિ આપવાનો જનહિત લક્ષી નિર્ણય રાજય સરકારે લીધો છે. મંત્રી જાડેજાએ ઉમેર્યું કે, રાજયના મહાનગરોનો સુગ્રથિત વિકાસ થાય તે માટે રાજય સરકારે સીસઆઈટીએમએસ સ્માર્ટ સીટી અને પીપીપી ધોરણે સીસીટીવીના પ્રોજેક્ટો અમલમાં મુક્યા છે. તાજેતરમાં આ શૃંખલામાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ પણ આગામી ૪ માસમાં પૂર્ણ થાય તેવી સંભાવના છે. આ મહાનગરો-શહેરોમાં સર્વેલન્સ, સ્વચ્છતા, અને ટ્રાફિક નિયમન ઝડપથી થાય તે માટે અદ્યતન ટેકનોલોજીના માધ્યમ દ્વારા આધુનિક વિજાણુ સાધનો દ્વારા જનસુખાકારી અને જન સલામતિમાં વધારો થાય તેવા પગલાં રાજય સરકારે લીધા છે. સીસીટીવીના ફુટેજના આધારે ટ્રાફિકના નિયમનો ભંગ કરનાર નાગરિકોને ઓટોમેટીક-મેન્યુઅલ ઈ-ચલન જનરેટ કરીને ટ્રાફિકનો ભંગ કરનાર નાગરિકના ઘરે તેમના સરનામે મેમો મોકલી આપવામાં આવે છે. પરંતુ આ કેટલીક ટેકિનકલ ક્ષતિના કારણે કેટલાક કિસ્સામાં આવા ખોટા ઈ-મેમો નાગરિકોને મોકલવામાં આવી રહ્યા છે. એવી રજુઆત મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળતા રાજય સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત મહાનગરો તથા ગાંધીનગર, મોરબી અને ભાવનગર સહિત અન્ય શહેરોમાં વસતા નાગરિકોના હિતને ધ્યાને લઈ જ્યાં સુધી સ્માર્ટ સીટી પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે કાર્યરત ન થાય ત્યાં સુધી આ પ્રોજેકટ દ્વારા ઈ-ચલન નાગરિકોને મોકલવાના રહેશે નહીં જેથી નાગરિકોને પડતી અસુવિધાઓ દુર થશે. ૨૩મી જાન્યુઆરીના રોજ પ્રોટેમ સ્પીકરની નિમણૂંક કરાશે. પ્રદિપસિંહ જાડેજાએ જાહેરાત કરતા કહ્યું હતું કે, ચૂંટાયેલા ધારાસભ્યોની શપથવિધિ સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાશે.

# જેઈઈ મેઈનની અરજીમાં ૨૨મી સુધી સુધારો કરાશે

અમદાવાદ,તા.૧૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન(સીબીએસઇ) દ્વારા જેઇઇ મેઇનની પરીક્ષા લેવામાં આવે છે, જેઇઇ મેઇનની પરીક્ષા માટે જે ઉમેદવારે ફોર્મ ભરી દીધા છે, તેમને પરીક્ષા ફોર્મની અરજીમાં સુધારો કરવાની એક વધુ તક સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવી છે. જે ઉમેદવારોએ પોતાની અરજીમાં કોઇ સુધારો કે કરેકશન કરવું હોય તેઓએ જેઇઇ મેઇનની વેબસાઇટ પર કરેકશન ચાર્જ સાથે તા.૨૨મી જાન્યુઆરી સુધીમાં જરૂરી સુધારો કે ફેરફાર કરી શકશે. જેઇઇ મેઇનની પરીક્ષા એપ્રિલ-૨૦૧૮માં ઓનલાઇન લેવાની અગાઉ જાહેરાત કરી દેવાઇ છે. જેના અનુસંધાનમાં હજારો વિદ્યાર્થીઓ અને ઉમેદવારો દ્વારા ફોર્મ પણ ભરાઇ ચૂકયા છે. ઉમેદવારોએ જેઇઇ મેઇનની વેબસાઇટ મારફતે ઓનલાઇન એપ્લિકેશન પણ સબમીટ કરી હતી. ત્યારે સીબીએસઇએ હવે તેની લિંક પર માહિતીને અપલોડ કરવા માટે ઉમેદવારોને વધુ એક તક પૂરી પાડી છે. સીબીએસઇ સત્તાવાળાઓના નિર્ણય મુજબ, જે ઉમેદવારોએ તેમની એપ્લિકેશનમાં કોઇ અધૂરી માહિતી કે ભૂલથી ખોટી હકીકત લખાઇ ગઇ હોય તો આવા ઉમેદવારો તા.૨૨મી જાન્યુઆરી સુધીમાં ગમે ત્યારે જેઇઇમેઇન.એનઆઇસી.ઇનની વેબસાઇટ પર જઇ તેમના એપ્લિકેશન ફોર્મમાં જરૂરી સુધારો કરવાનો રહેશે. અલબત્ત, એકવાર એપ્લિકેશન સબમીટ થઇ ગયા પછી ફરી તેમાં સુધારો કરવાની આ તક પેટે ઉમેદવારોએ જરૂરી સુધારો કરવા માટે કરેકશન ચાર્જ પણ ચૂકવવાનો રહેશે.




વાલી મંડળ દ્વારા આપવામાં આવેલા ફી વધારાના વિરોધમાં સ્કૂલ બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. કેટલીક સ્કૂલો ચાલુ પણ રહી હતી.

Printer, Publisher, Editor & Owner by **GOHIL PRATAPBHAI KESHUBHAI** Printed at **AMBICA OFFSET, PLOT NO.25, GROUND FLOOR, NR.SAIBABA FLATS, BUNGLOW AREA, KUBERNAGAR, AHMEDABAD**
Published at **115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR.** R.N.I. REG. NO. **GUJGUJ/2011/39246.** Editor : **GOHIL PRATAPBHAI KESHUBHAI**